જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૮-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પુલવામા હુમલા બાદ મોદી સરકાર એક્શન મોડમાં,કાર્યવાહી શરૂ

મોદી સરકારનો સપાટો: પાંચ ભાગલાવાદીઓની સુરક્ષા-સરકારી સુવિધાઓ પાછી ખેંચાઈ

આ ભાગલાવાદી નેતાઓમાં મીરવાઈજ ઉમર ફારૂક, અબ્દુલ ગની ભટ્ટ, બિલાલ લોન, હાશિમ કુરૈશી, શબ્બીર શાહ સામેલ,આ નેતાઓને સરકાર છેલ્લા ૧૦ વર્ષથી સુરક્ષા પૂરી પાડતી હતી



ન્યુ દિલ્હી

પુલવામામાં CRPFના જવાનો પર આતંકી હુમલા બાદ મોદી સરકારે હવે કાશ્મીરના અલગાવવાદી નેતાઓને સપાટામાં લેવાનુ શરુ કર્યુછે. ગૃહ મંત્રાલયના આદેશ બાદ જમ્મુ કાશ્મીર પ્રશાસને અલગાવવાદી નેતાઓ મીરવાઈઝ ઉમર ફારુક, અબ્દુલ ગની ભટ્ટ, બિલાલ લોન, હાશીમ કુરેશી, શબ્બીરશાહની સરકારી સુરક્ષા પાછી ખેચવાનો નિર્ણય લેવાયો છે. તેમને મળતી તમામ સરકારી સુવિધાઓ છીનવી લેવાનુ પણ નક્કી કરાયુ છે. મીરવાઈઝ ફારૂક હુરિયત કોન્ફરન્સના ચેરમેન છે.

ભારતના લોકોના ટેક્સના પૈસા સુવિધાઓ મેળવીને ભારતને જ ગાળો આપતા આ અલગાવવાદી નેતાઓ પર લેવાયેલા નિર્ણયનો આજે સાંજથી જ અમલ થઈ જશે. જોકે આ લિસ્ટમાં પાકિસ્તાન તરફી સૈયદ અલી શાહ ગિલાનીનુ નામ નથી.આંતકવાદીઓનુ સમર્થન કરનારા નેતાઓને હવે સરકારી આદેશના પગલે સરકાર કોઈ પણ પ્રકારની સુરક્ષા પુરી નહી પાડે.લગભગ ૧૦ વર્ષથી તેમને સરકાર સુરક્ષા આપી રહી હતી.જ્યારે આ નેતાઓ આતંકવાદીઓના નિશાના પર હોવાનુ કહેવાતુ હતુ.

સરકારના આદેશ બાદ તેમને સરકાર તરફથી મળેલી કાર પણ લઈ લેવાશે.પોલીસ હજી પણ બીજા કોઈ અલગાવવાદી નેતાઓને સુરક્ષા મળી છેકે કેમ તે ચકાસી રહી છે. જો બીજા કોઈ નેતાને પણ સુરક્ષા મળી હોવાનુ બહાર આવશે તો તેની સુવિધાઓ અને સુરક્ષા કવચ પણ પાછુ લેવાશે. આખા દેશમાં ૪૦ જવાનોની શહીદી બાદ અલગાવવાદી નેતાઓ પાઠ ભણાવવાની માગ ઉઠી હતી. જે પછી ગૃહમંત્રી રાજનાથસિંહે આ વાતના સંકેત પહેલા જ આપી દીધા હતા.

નોંધનીય છે કે, પુલવામામાં ૪૪ જવાનો શહીદ થયા પછી સમગ્ર દેશમાં ભાગલાવાદી નેતાઓની સુરક્ષા પાછી ખેંચવાની માંગણી કરવામાં આવી હતી. ભારત સરકાર આ ભાગલાવાદી નેતાઓની સુરક્ષા અને સુવિધામાં વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.

ઉલ્લેખનીય છે કે, પુલવામામાં ગુરવારે સીઆરપીએફની ટુકડી પર કરવામાં આવેલા ફિદાયીન હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા. આ હુમલાને લઈને દેશભરમાં દુઃખ અને આક્રોશનો માહોલ છે. સમગ્ર દેશમાં એવી જ માંગ થઈ રહી છે કે જવાનોની શહાદતનો બદલો લેવામાં આવે. મોદી સરકાર તેના માટે એક્શનમાં પણ જોવા મળી રહી છે. આ સંબંધમાં શનિવારે સર્વપક્ષીય બેઠક બાદ ગૃહમંત્રી રાજનાથસિંહના ઘરે એક મહત્વપૂર્ણ બેઠક થઈ હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી મુજબ, નેશનલ સિક્યુરિટી એડવાઈઝર (NSA) અજીત ડોભાલ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) ચીફ અનિલ ધસ્માના અને ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB)ના એડિશનલ ડાયરેક્ટર, ગૃહ સચિવ, ઉમર અબ્દુલ્લા સહિત અને મોટા અધિકારી આ મીટિંગમાં હાજર રહ્યા. સૂત્રોનું માનીએ તો આ મીટિંગમાં પુલવામા હુમલાનો બદલો લેવા અને પાકિસ્તાન વિરુદ્ધ કડક પગલા ઉઠાવવાને લઈને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા.

વડાપ્રધાને બિહારમાં ૩૩ હજાર કરોડના ખર્ચે થનારા વિકાસકામોનું ખાતમૂહૂર્ત કર્યું

જે આગ તમારા દિલમાં છે એજ મારા દિલમાં પણ છે: મોદી

મુંબઈ

બિહારના બરૌની જિલ્લામાં વિકાસ યોજનાઓનું શિલાન્યાસ કરવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરના પુલવામાં હુમલામાં શહીદોને યાદ કર્યા. બરૌનીમાંથી એક સભાને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે હું પણ તમારા જેટલો જ દુઃખી છું. પુલવામાં હુમલા બાદ દેશમાં આક્રોશનો માહોલ છે અને લોકોમાં ગુસ્સો છે. આ સ્થિતિમાં વડાપ્રધાન મોદીએ રવિવારે બિહારના બરૌનીમાં એક સભાનું સંબોધન કરતા જણાવ્યું હતું કે જે આગ તમારા દિલમાં છે, એ જ આગ મારા દિલમાં પણ છે.

બરૌનીથી પટના મેટ્રોનું ઉદ્ઘાટન કરતા તેમણે શહીદોમાં સામેલ બિહારના જવાનોને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે જે આગ તમારા દિલમાં છે, એ જ આગ મારા દિલમાં પણ છે, હું તમારા જેટલો જ દુઃખી છું. હું અનુભવ કરી શકું છું કે દેશવાસીઓના દિલમાં કેટલી આગ છે.

વડા પ્રધાન મોદીએ પોતાના ભાષણમાં બિહારના શહીદ સંજય કુમાર સિન્હા અને ભાગલપુરના રતન કુમાર ઠાકુરના યાદ કરી અને શ્રદ્ધાંજલી પાઠવી હતી. તેમમે જનનાયક કર્પુરી ઠાકુર અને બેગુસરાયના સાંસ ભોલા ઠાકુરને પણ યાદ કર્યા હતા.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

આતંકી મસૂદ અઝહરે ભત્રીજા ઉસ્માનના મોતનો બદલો લેવાની વાત કરી

પાકિસ્તાનની હોસ્પિટલમાંથી બેઠા-બેઠા મસૂદ અઝહરે પુલવામ હુમલાનો આદેશ આપ્યો હતો

શ્રીનગર

પઠાણકોટ હુમલાના માસ્ટરમાઈન્ડ અને આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મૂસદ અઝહરે પાકિસ્તાનની રાવલપિંડી સ્થિત આર્મી બેઝ હોસ્પિટલમાં બેઠા બેઠકા પોતાના પ્યાદાઓને પુલવામામાં સીઆરપીએફ કાફલા પર આત્મઘાતી હુમલો કરવા માટેનો આદેશ આપ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અઝહરે એક ઓડિયો જાહેર કરીને આતંકીઓને હુમલો કરવા આદેશ આપ્યો હતો. નોંધનીય છે કે અઝહર છેલ્લા ચાર મહિનાથી આર્મી બેઝ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે.

પોતાની બીમારીને પગલે મસૂદ અઝહર યુનાઈટેડ જેહાદ કાઉન્સિલ (UJC)ની મહત્વની ૬ બેઠકમાં ભાગ લઈ શક્યો નહતો. યુજેસી ભારત વિરુદ્ધ કામગીરી કરતું જેદાહી સંગઠન છે, જેને પાકિસ્તાન છાવરે છે. એક સપ્તાહ અગાઉ આ સંગઠના યુવકો પુલવામામાં આતંકી હુમલો કરવા તૈયાર થયા હતા. અઝહરે ધીમા અવાજે પોતાના પ્યાદાઓને હુમલાનો ઓડિયો મેસેજ મોકલ્યો હતો.

અઝહરે ભત્રીજા ઉસ્માનનો મોતનો બદલો લેવાની વાત કરી

આ ઓડિયો સંદેશામાં મસૂદ અઝહરે જેદાહી યુવકોને પોતાના ભત્રીજા ઉસ્માનના મોતનો બદલો લેવાની વાત કરી હોવાનું સંભળાય છે. ઉલ્લેખનીય છે કે ઉસ્માનને ગત વર્ષે (૨૦૧૮)મા સુરક્ષાદળોએ ઠાર કર્યો હતો. ટેપમાં અઝહર એમ પણ કહેતો સંભળાય છે કે, 'આ હુમલામાં મોતથી વધુ શ્રેષ્ઠ બાબત કોઈ નથી.' આટલું જ નહિ તે જેદાહીઓનો ભારત વિરુદ્ધ ભડકાવતો પણ જણાયો હતો.

મસૂદ અઝહરે જણાવ્યું કે, 'કોઈ આમને દેશદ્રોહી કહેશે, કોઈ નીચ કહેશે, કોઈ પાગલ કહેશે, કોઈ શાંતિ માટે ખતણો ગણાવશેપ' અઝહરે યુજેસીના અન્ય યુનિટ સાથે નવા હુમલાની યોજના જણાવી નહતી. તેને બદલે અઝહરે ગુમ રીતે પોતાના ભત્રિજા મોહમ્મદ ઉમૈર અને અબ્દુલ રાશિદ ગાઝીને નિયુક્ત કર્યા અને તેઓ મસૂદની ટેપથી યુવાનોનું બ્રેઈનવોશ કરે તેમજ આઈઈડી સાથે ફિદાયીન હુમલાઓ કરવા પ્રેરિત કરે.

કાશ્મીરમાં એક ટોપ ઈન્ટેલિજન્સ ઓફિસરનું કહેવું છે કે, 'જૈશ-એ-મોહમ્મદનો કોઈપણ વ્યક્તિ આગળ નહીં આવે. તેઓ પ્રમુખ નેતાઓ-ઉમૈર, ઈસ્માઈલ અને અબ્દુલ રાશિદ ગાઝી સાથે દક્ષિણ કાશ્મીરમાં છુપાયેલા છે.'

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ભિખારીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રૂરૂબરૂમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઉમિયાજી ભાતીગળ રૂપિયા ૬૩ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આપણીકાવાનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરશીપ આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A) બાકીના ૧૭૫૦/- (સોટો જોડવી રૂપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે રૂરૂબરૂમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B) બીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (સોટો જોડવી રૂપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રૂરૂબરૂમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો | ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

પુલવામાં સૈનિકો ઉપર થયેલા હુમલા ના વિરોધમાં રાણપુરના વેપારીઓએ દુકાનો સજ્જડ બંધ રાખી



સમસ્ત ગ્રામજનો દ્વારા મૌન રેલી કાઢવામાં આવી હતી રેલી માં દરેક સમાજ ના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા

જમ્મુ કાશ્મીર ના પુલવામાં સી.આર.પી.એફ.ના જવાનો ઉપર ત્રાસવાદીઓએ કરેલા હુમલા માં ૪૪ સૈનિકો શહીદ થતા સમગ્ર દેશ શોક માં ગરકાવ થઈ ગયો છે ત્યારે બોટાદ જીલ્લા ના રાણપુર માં સમસ્ત ગ્રામજનો દ્વારા મૌન રેલી નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં રાણપુર ના તમામ વેપારીઓએ પોતાની દુકાનો સજ્જડ બંધ રાખી મૌન રેલી માં જોડાયા હતા આ રેલી માં હિન્દુ સમાજ ના સંતો અને મુસ્લિમ સમાજ ના મૌલીયો સહીત દરેક સમાજ ના લોકો મોટી સંખ્યા માં ઉમટી પડ્યા હતા કે રાણપુર ના ઈતિહાસ ની આ સૌથી મોટી રેલી હતી હાજર દરેક લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો આ મૌન રેલી મોટાપીર ના ચોકથી નિકળી રાણપુર ના જાહેર માર્ગો ઉપર થઈને ઝવેરચંદ મેઘાણી ના સ્ટેચ્યુ એ પહોચી હતી જ્યા લોકો એ પાકિસ્તાન મુર્દાબાદ,શહીદો અમર રહો,ભારત માતાકી જય ના નારા લગાવ્યા હતા સાથે કેન્ડલ માર્ચ યોજી શહીદો ને શ્રધાંજલી આપી હતી. આ મૌન રેલી માં હિન્દુ-મુસ્લિમ સમાજ ના દરેક લોકો જોડાયા હતા લાઠીદડ ના સંતો,કરમડ ગુરૂકુલ ના સંતો તથા બી.એ.પી. એસ.સંસ્થાના સંતો એ જણાવ્યુ હતુ કે પાકિસ્તાન શાન માં સમજી જાય તો સારૂ ભારત દેશ ના દરેક લોકો એક છે તથા મુસ્લિમ સમાજના ધર્મગુરૂ એ જણાવેલ કે ભારતમાં જે ભાઈચારો અમન છે તે વિશ્વના બીજા કોઈ દેશોમાં નથી પાકિસ્તાન પોતાના નાપાક ઈરાદા માં ક્યારેય ફાવશે નહી. જયારે પુર્વ તાલુકા પ્રમુખ ગોસુભા જી.પરમારે કહ્યુ હતુ કે સમગ્ર ભારત દેશ સૈનિકોની પડખે છે.જ્યારે રાણપુર ના સરપંચ અબ્બાસભાઈ ખલાણીએ પાકિસ્તાન મુર્દાબાદ ના નારા બોલી પાકિસ્તાન ને અવળચંડાઈ બંધ કરવાની જરૂર છે નહીતર ઈંટ નો જવાબ પથ્થરથી અપાશે તેમ જણાવ્યુ હતુ.આ પ્રસંગે ભાજપ પ્રમુખ લક્ષ્મણભાઈ માટાળીયા,ગોવિંદસિંહ ડાભી,મુકુંદભાઈ વઢવાણા,વેપારી મંડળના ઉપ.પ્રમુખ સુલતાનભાઈ બાઘડીયા, પુર્વ સરપંચ જીવાભાઈ રબારી,એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,ડો.ધરાબેન ત્રીવેદી,હરેશભાઈ જાંબુકીયા સહીત નાના-મોટા વેપારીઓ,આગેવાનો,હોદ્દેદારો આ રેલી માં જોડાયા હતા અને પાકિસ્તાન મુર્દાબાદ, શહીદો અમર રહો ના નારા લગાવી કેન્ડલ પ્રગટાવી શહીદો ને સૌ કોઈ એ અશ્રભીની આંખે શ્રધાંજલી આપી હતી

હળવદ પંથકમાં પોલીસની મીઠી નજર હેઠળ સફેદ રેતીનો કાળો કારોબાર બેફામ

પંથકમાં ગેરકાયદેસર રેતી નો કારો કારોબાર બેફામ ડમ્પર અને ટ્રેકટર દ્વારા ખુલ્લેઆમ થતો હોવા છતાં તંત્રના આંખે પાટા? ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવો ઘાટ

હળવદ તાલુકાના ગામોમાંથી પસાર થતી નદીઓ માં રેતી માફિયાઓ દ્વારા બેફામ રીતે બે રોક ટોક રેતીની ઉઠાતંરી કરી ખનન અને વહન કરી ડમ્પર અને ટ્રેકટર દ્વારા રેતી ચોરી કરી સરકારી તિજોરી ને લાખોની રૂ પિયા ની ખોટ જવાનો અંદાજ છે સફેદ સોના જેવી કીમતી મનાતી રેતીનો કાળો કારોબાર ગેરકાયદેસર ખનન કરવાનો ધંધો ધમધોકાર ચાલે છે ત્યારે સ્થાનિક પોલીસે ને દેખાતુ નથી પથંકમાં રાત દીવસ બેફામ રેતી ચોરી થાય છે રેતી માફિયાઓ ખુલ્લેઆમ ખનન અને વહનન કરી રહ્યા છે આ બાબતે તંત્ર દ્વારા કોઈ સચોટ પગલા ન લેવાતા ડમ્પર અને ટ્રેકટર દ્વારા બેફામ ખનીજચોરી થઈ રહી છે એટલું જ નહી સફેદ રેતીના કારા કારોબારમાં બેફામ ખનીજચોરી થઈ રહી છે આ રેતી ની બાંધકામ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ અને બહાર પણ નિકાસ થાય છે ખાણ ખનીજ ખાતુ સાવ અજાણ હોય તેમ આંખ કરી રહ્યા હોય તેઓ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા ન લેવાતા ખુલ્લેઆમ રેતીચોરી નો કાળો કારોબાર બેફામ ચાલી રહ્યો છે હળવદ પંથકના મીયાણી મયુર નગર રાયસગપર ધનાળા ટીકર અજીત ગઢ વગેરે અનેક ગામોમાંથી લાખો રૂપિયાની રેતી ચોરી થઈ રહી છે છતાં પણ તંત્ર દ્વારા તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ જેવો ઘાટ ઘડાય છે હળવદ પંથકમાં ચર્ચાઈ રહ્યું છે કે સમગ્ર રેતી ચોરી માં અધિકારીઓ અને રેતી ચોરો દ્વાર મીલીભગતના કારણે પગલા લેવાતા નથી ત્યારે હળવદ તાલુકામાંથી બેફામ રેતીચોરી ઉપર જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તો સરકારી તિજોરીને લાખોનો ફાયદો થવાની સાથે ભ્રષ્ટાચાર આચરનાર તંત્રના અધિકારીઓ ના તપેલા ચડી જાય તેમ છે ત્યારે વિસ્તારમાંથી ગેરકાયદેસર થતી ચોરીઅટકાવાય તેવી પંથકના લોકોની માગણી ઉઠવા પામી છે

હળવદ ટાઉન પોલીસ ચોકી બન્યુ શોભાનો ગાંઠીયો



અનેકવાર રજૂઆત કરવા છતાં ચાલુ ન કરાતા લોકોને પડતી મુશ્કેલીઓ

હળવદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ ચોકી ગામથી દૂર હોવાના કારણે શહેરમાં ચોરી લૂંટ ફાટ મારામારી ટાફીક તેમજ રોમીયોનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જાય છે જેના કારણે હળવદ વેપારીઓ દ્વારા રજૂઆત કરાતા હળવદ ટાઉન પોલીસ ચોકી લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે મા એક પીએસઆઈ સહિત પાંચ પોલીસ કોન્સ્ટેબલ નો સ્ટાફ તેનાત કરવામાં આવ્યો હતો પરંતુ આજદિન સુધી ટાઉન પોલીસ સ્ટેશન ચાલુ ન કરાતા માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીરહુ છે આ બાબતે અનેક વાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આજ સુધી પોલીસ સ્ટેશન ચાલુ ન થતા લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે હળવદ પોલીસ સ્ટેશન ગામ થી દુર હોવાના કારણે નાની-નાની રજૂઆત કરવા લોકોને બહાર જવું પડે છે જેના કારણે હળવદ વાસીઓને ભારે તકલીફ ભોગવી પડે છે આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતા આજદિન સુધી માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા સમાન ટાઉન પોલીસ ચોકી બની રહુ છે તો તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તેવી હળવદ વાસીઓમાં લાગણી અને માગણી ઉઠવા પામી છે તાત્કાલિક ધોરણે જિલ્લા પોલીસ વડા યોગ્ય કરે તેવી માગણી ઉઠવા પામી છે

આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ

જમ્મુ કશ્મીર ના પુલવા માં આતંકવાદી હુમલા માં શાહિદ થયેલ વીર જવાનો ને શ્રદ્ધાંજલિ અર્પવા માટે આજરોજ ગાંધિધામ માં શ્રધ્ધાંજલિ અર્પવા માટે કાર્યક્રમ નું આયોજન કરાયું



પુલવા માં CRPF ના કાફલા પર થયેલા હુમલા માં શહીદ થયેલા જવાનો ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને ઘાયલ થયેલ જવાનો ઝડપ થી સ્વસ્થ થઈ જાય એજ માઁ ભારતી ના ચરણો માં પ્રાર્થના કરવામાં આવી

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અને સંકુલની વિવિધ સંસ્થાઓના ઉપક્રમે જમ્મુ કાશ્મીરના પુલવામાં થયેલ સીઆરપીએફ ના જવાનો પર થયેલ આતંકી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ અને સંકુલની વિવિધ સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવા માટે શનિવાર સાંજે ૫ કલાકે શહેરના ઝંડા ચોક ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ આયોજન કરાયું હતું જેમાં વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી આ કાર્યક્રમમાં ૧૪,૨. ૨૦૧૯ દેશ માટે કાળો દિવસ ના પ્રતિસાદરૂપે ગાંધિધામ વાસીઓ એ કાળા કપડા પહેરી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી હરહંમેશની જેમ વિકટ પરિસ્થિતિમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ પ્રેરીત સંકટ નિવારણ સોસાયટી શહીદ થયેલા જવાનોના પરિવારજનોને સહાય કરવા જનાર છે આ માટે નાણાકીય સહાય કરવા પણ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ દિનેશભાઈ ગુપ્તા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

જમ્મુ કાશ્મીર ના પુલવામા થયેલ હુમલા બાદ ૪૨ જવાનો શહીદ થયા જોકે ૩૦ જેટલા જવાનો હજુ ધાયલ છે જેમા ૧૫ ની ગંભીર હાલત છે આ ઘટના ને લઈને દેશ આખા મા આંતકવાદી સામે રોષ ભભૂકી ઉઠયો છે અને હવે પાકિસ્તાન ને પાડી દેવા ની વાત સાથે ગાંધિધામ વાસીઓમાં રોષની લાગણી આંતકવાદી વિરૂધ્ધ ફાટી નીકળી છે પાકિસ્તાન મુરદાબાદ ના નારા લગાવ્યા હતા, આંતકવાદી વિરુદ્ધ નારા લગાવ્યા હતા,


સૌરાષ્ટ્ર યુનિ.નાં કર્મચારીઓ શહીદ જવાનોના પરિવારજનોને એક દિવસનો પગાર આપશે

રાજકોટ

ગુરુવારે જમ્મુ-કાશ્મિરનાં પુલવામામાં આતંકવાદીઓએ કરેલા હુમલમાં સેન્ટ્રલ રિઝર્વ ફોર્સનાં ૩૭ જવાનો શહિદ થયા હતા. છે આ ઘટના બાદ સમગ્ર દેશમાં રોષ ફાટી નિકળ્યો છે અને આ ઘટનાનો બદલો લેવા માટે અને શહિદોનાં પરિવારજનોને મદદ કરવા માટે હાકલ પડી છે. શહિદોનાં પરિવારજનોને મદદ કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં તમામ કર્મચારીઓ પોતાનો એક દિવસનો પગાર શહીદ થયેલા જવાનોનાં પરિવારજનોને આર્થિક સહાય પેટે આપશે.

રીક્ષામાં કપડા વેચનાર નફો શહિદોના પરિવારને આપશે

શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પિતા દિકરાનાં રિસેપ્શનનું ભંડોળ શહિદોના નામે કરશે



રાજકોટ

પુલવામાં થયેલા આંતકી હુમલાને પગલે સૌરાષ્ટ્રભરમાં સતત બીજા દિવસે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજકોટમાં વેપારીઓએ સ્વયંમભૂ બંધ પાળી શહીદોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. તો કેટલાક વેપારીઓએ પોતાનો ધંધો ચાલુ રાખી નફો શહીદ પરિવારનાં નામે કરવાનો નિર્ણય કર્યો છે. રાજકોટ, જૂનાગઢ, કેશોદ, ભેંસાણ સહિત સૌરાષ્ટ્રભરમાં ઠેર-ઠેર બંધ પાળીને વિરોધ કરવામાં આવી રહ્યો છે.

રાજકોટની સોની બજાર, પેલેસ રોડ સહિતની બજારો બંધ છે. આજે ૧ હજારથી વધુ સોનીએ પોતાનો વેપાર બંધ રાખી બંધ પાળ્યો છે. વેપારીઓ સાથે કારીગરોએ પણ બંધ પાળ્યો છે અને શહિદોને શ્રદ્ધાંજલી પાઠવી રહ્યાં છે. તો રાજકોટ માર્કેટિંગ યાર્ડના વેપારીઓ આજના દિવસે બંધ રાખને નહિં. પરંતુ આજનાદિવસે જે પણ આવક થશે તે શહીદોના પરિવાને આપશે તેવો નિર્ણય કર્યો છે. માર્કેટીંગ યાર્ડની અંદાજીત ૮થી ૧૦ લાખ જેટલી આવત શહીદોના પરિવારજનોનેઆપવામાં આવશે.

જામનગરમાં એક રીક્ષાવાળો પોતાના રીક્ષામાં કપડા વેચીને જે નફો મળશે તે શહિદોના પરિવારને આપશે. એ માટે તેને પોતાની રીક્ષામાં પેમ્પલેટ પણ લગાવ્યા છે. જેમાં લખવામાં આવ્યું છે કે 'કાશ્મીર(પુલવા)માં થયેલા આંતકવાદી હુમલામાં શહિદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી.. ત્રણ દિવસ સુધીનો નફો શહિદોના નામે વંદે માતરમ્'

માર્કેટિંગ યાર્ડના ડાયરેકટર જમનભાઈ ધામેલીયાના દીકરા કેયુર ધામેલીયાનું આજે રિસેપશન છે. ત્યારે જમનભાઈએ નિર્ણય કર્યો છે કે રિસેપશન પહેલા જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફ જવાન શહિદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે અને મહેમાનો તરફથી આવતા તમામ વ્યવહાર શહિદોના પરિવારોને આપવામાં આવશે.

પુલવામાં સૈનિકો ઉપર થયેલા હુમલાના વિરોધમાં સુભાષનગર લોકો એ મૌન રેલી કાઢી કેન્ડલ માર્ચ યોજી શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધિધામ સુભાષનગર ના રહીસો દ્વારા મૌન રેલી કાઢવામાં આવી હતી રેલી માં દરેક સમાજ ના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા કેન્ડલ માર્ચ યોજી મૌનપાડી વિરશહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરી



જમ્મુ કાશ્મીર ના પુલવામાં સી.આર.પી.એફ.ના જવાનો ઉપર ત્રાસવાદીઓએ કરેલા હુમલા માં ૪૪ સૈનિકો શહીદ થતા સમગ્રદેશ શોક માં ગરકાવ થઈ ગયો છે ત્યારે ગાંધિધામ સુભાષનગર સોસાયટી ના સમસ્ત રહીસો દ્વારા મૌન રેલી નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સોસાયટી ના નાના મોટા તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા, તમામ વેપારીઓએ દુકાનો સજ્જડ બંધ રાખી મૌન રેલી માં જોડાયા હતા આ રેલી માં દરેક સમાજ ના લોકો મોટી સંખ્યા માં ઉમટી પડ્યા હતા કે સુભાષનગર ના ઈતિહાસ ની આ સૌથી મોટી રેલી હતી હાજર દરેક લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો આ મૌન રેલી ગરબી ચોક માં તથા વિવિધ શેરી મહોલ્લામાં નિકળી જાહેર માર્ગો ઉપર થઈને ગરબી ચોકમાં કેન્ડલ માર્ચ યોજી મોન પાડી શહીદજવાનો ને શ્રદ્ધાંજલિ અર્પી હતી, જ્યા લોકો એ પાકિસ્તાન મુર્દાબાદ,શહીદો અમર રહો,ભારત માતાકી જય ના નારા લગાવ્યા હતા સાથે કેન્ડલ માર્ચ યોજી શહીદો ને શ્રધાંજલી આપી હતી. આ મૌન રેલી માં સમાજ ના દરેક લોકો જોડાયા હતા. જણાવ્યુ હતુ કે પાકિસ્તાન શાન માં સમજી જાય તો સારૂ ભારત દેશ ના દરેક લોકો એક છે તથા જણાવેલ કે ભારતમાં જે ભાઈચારો અમન છે તે વિશ્વના બીજા કોઈ દેશોમાં નથી પાકિસ્તાન પોતાના નાપાક ઈરાદા માં ક્યારેય ફાવશે નહી. સમગ્ર ભારત દેશ સૈનિકોની પડખે છે. ચુનાવ કો રોક દો પાકિસ્તાન કો ઠોકદો, પાકિસ્તાન મુર્દાબાદ ના નારા બોલી પાકિસ્તાન ને અવળચંડાઈ બંધ કરવાની જરૂર છે નહીતર ઈંટ નો જવાબ પથ્થરથી અપાશે તેમ જણાવ્યુ હતુ.આ પ્રસંગે રાજીવ શર્મા - પ્રમુખ , પંકજ જૈન - ઉપ પ્રમુખ , શૈલેશ પુજારા - ખજાનચી , જયેશ બારોટ - મંત્રી સુભાષ નગર સોસાયટી ગાંધીધામ તથા

મધુકાન્તભાઈ શાહ - ભાજપ અગ્રણી , શંકરભાઈ દક્ષિણી ભાજપ અગ્રણી , રાજેશભાઈ ભારડીઆ - કાઉન્સિલર.સહીત નાના-મોટા સુ ભા ષ ના ગ ર ના વે પા રી ઓ , આ ગે વા નો , સોસાયટીના હોદ્દેદારો,રહીસો આ રેલી માં જોડાયા હતા અને પાકિસ્તાન મુર્દાબાદ,શહીદો અમર રહો ના નારા લગાવી કેન્ડલ પ્રગટાવી શહીદો ને સૌ કોઈ એ અશ્રભીની આંખે શ્રધાંજલી આપી હતી

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

અમરોલી કોલેજમાં "બેન્કીંગ સીનેરીયો ઈન ઈન્ડિયા" સેમીનારનું આયોજન



સુરત

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શનિવાર તા. ૧૬-૨-૨૦૧૯ના રોજ બેન્કીંગ સીનેરીયો ઈન ઈન્ડિયા સેમીનારનું આયોજન થયુ. તેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ડો. જતીન નાયક (જનરલ મેનેજર, સુરત પીપલ્સ કો. ઓપરેટીવ બેન્ક) દ્વારા વિદ્યાર્થીઓને બેન્કમાં નોકરીની તકો અને આધુનિક ટેકનોલોજીનો બેન્કીંગમાં થયેલો સમાવેશ અને તે કારણે બેન્કીંગ ક્ષેત્રમાં ઉભી થતી તકો ઉપર માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૫૧૦ જેટલા વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ સંચાલન ડો. ગિરીશ એન. રાણાએ કર્યુ હતું. કોલેજના આચાર્યશ્રી પ્રિ. ડો. કે. એન. ચાવડા તેમજ અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો, શૈક્ષણિક અને વહીવટી પરિવાર હાજર રહ્યા હતા. તેમજ પ્રા. એ. એસ. ગામીત (કે. પી. કોમર્સ કોલેજ) અને પ્રા. જે. એન. રાણા (ઓલપાડ કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા. ડો. મયંક વી. સોઢો કાર્યક્રમના અંતે આભાર વ્યક્ત કર્યો હતો.

તક્ષશીલા ક્લાસીસ સીએ ઈન્ટર મીડિયેટનું ૭૫ ટકા પરિણામ

અર્શિતા શેલડીયા કેન્દ્રીય લેવલે પ્રથમ ક્રમે

સુરત

શહેરના વરાછા વિસ્તારમાં આવેલ તક્ષશીલા ક્લાસીસનું CA-IN TERM EDIATE નવેમ્બર ૨૦૧૮નું પરિણામ ૭૫ ટકા આવ્યું હતું. આ ક્લાસીસની વિદ્યાર્થીની અર્શિતાબેન વિનુભાઈ શેલડીયા COST ACCOUNTING વિષયમાં કેન્દ્રીય લેવલે ૧૦૦માંથી ૯૬ માર્કસ લાવી હતી. આ વિદ્યાર્થીની આ અભ્યાસક્રમમાં પ્રથમ ક્રમાંકે રહી હતી.

શહેરના વરાછા વિસ્તારમાં યોગીચોક ખાતે આવેલા તક્ષશીલા પ્રોફેશનલ ગાઈડન્સ ઈન્સ્ટીટ્યુટ છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે. હાલમાં લેવામાં આવેલી CA-INTER-MEDIATE નવેમ્બર ૨૦૧૮નું સંસ્થાનું પરિણામ ખૂબ જ ઉજ્જવળ રહ્યું હતું. આ સંસ્થાનું વર્ષ ૨૦૧૫-૧૬માં ૯૨ ટકા, ૨૦૧૬-૧૭માં ૧૦૦ ટકા, ૨૦૧૭-૧૮માં ૯૦ ટકા, ૨૦૧૮-૧૯માં ૭૫ ટકા પરિણામ જાહેર થવા પામ્યું હતું. જે સાચે જ સમગ્ર દક્ષિણ ગુજરાત માટે એક ગર્વનો વિષય બની રહે છે.

ઘલામાં અકસ્માતમાં બાઈક સવારનું મોત

સુરત

કામરેજ તાલુકાના ઘલા પાટિયા પાસે રોડ પરથી બાઈક પર પસાર થતા ખેત મજૂર યુવકનું અકસ્માત સર્જાતા મોત થયું હતું. જ્યારે અન્ય એકને ઈજા થઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે કામરેજ તાલુકાના ધોરણપારડી ગામની સત્તામાં ઘલા પાટિયા પાસે અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહન ચાલક સાથે સર્જાયેલા અકસ્માત બાઈક નં. જીજે-૨૨-કે-૯૬૩૪ પર સવાર પીન્ટુ નામના ખેત મજૂરનું ગંભીર ઈજાથી મોત થયું હતું. જ્યારે અજયભાઈ દિલીપભાઈ ગોસ્વામીને ઈજા થઈ હતી. અકસ્માત બનાવ અંગે સંજયભાઈ ચંદ્રભાઈ કલમી રહે. મીરઝા શેઠના ફાર્મમાં કરવાળા ગામ, તા. માંગરોળ એ કામેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનને લગતા પ્રશ્નોના નિકારણ માટે

વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે ગુંદલાવ ખાતે બેઠક યોજી



વલસાડ

વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રશ્નોના નિરાકરણ માટે વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે ગુંદલાવ સ્થિત સાસુમા હોટલ ખાતે વિશેષ બેઠક યોજી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં જમ્મુ-કશ્મીરમાં શહીદ થયેલા વીર જવાનો માટે બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આ અવસરે આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરે દેશના શહીદોને નમન કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને ગુંદલાવ જી.આઈ.ડી.સી. વિસ્તારના ઉદ્યોગપતિઓને લગતા પ્રશ્નોને બાબતે હકારાત્મક નિરાકરણ માટે હૈયાધરપત આપી હતી. તેમણે રાજ્ય સરકાર ઉદ્યોગોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોવાનું જણાવી ઉદ્યોગોને લગતા પ્રશ્નો બાબતે કરાયેલા પ્રયાસો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સરકારની ઉદ્યોગો નીતિને કારણે ઘણો વિકાસ થયો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પ્રયાસોથી વિવિધ ઉદ્યોગોમાં ટેકનીકલ અભ્યાસ કર્યો હોય તેવા સ્થાનિકોને એપ્રેન્ટીસ હેઠળ સમાવેશ કરવામાં આવી રહયો છે, જેના થકી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળવાની સાથે ઔદ્યોગિક એકમોને પણ કુશળ કારીગરો મળી રહયા છે.

આ અવસરે ધારાસભ્ય ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં જી.આઈ.ડી.સી.ના પ્રશ્નો માટે હકારાત્મક વલણ અપનાવી ઉકેલ લાવવાના પ્રયાસો હાથ ધરવાની ખાતરી આપી હતી.

આઈદ્યોગિક એસોસીએશનના ટી.પી.દેસાઈએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક વિકાસ માટે ઊભા કરાયેલા નવા-નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરો, નવા ઉદ્યોગ માટે આપવામાં આવતી લોન અને સબસીડી બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઉપપ્રમુખ નવીનભાઈ પટેલે જી.આઈ.ડીસી. અને ડી.જી.વીસી.એલ. મળી ૧૨ જેટલા પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં ઔદ્યોગિક વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જેમાં ઔદ્યોગિક વિસ્તારો તેમજ હાઉસિંગ ઝોનમાં પાણી મળી રહે તે માટે તળાવના નિર્માણ માટે જમીન ફાળવવા, લોકદરબારનું નિયમિતપણે આયોજન કરવા, ઔદ્યોગિક વસાહતના નવીનીકરણ, અનઅધિકૃત બાંધકામને જરૂરી ફી ભરી રેગ્યુલર કરવા અંગે, હાઉસિંગ કોલોની માટે ગાર્ડન બનાવવા, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નોટિફાઈડ એરીયાના નામે કરવાની, ઔદ્યોગિક એકમોના લાંબા સમયથી પડતર લેણાંનું વ્યાજ માફી કરવા બાબતે, ઘન કચરા માટે ફાળવેલી જમીનની ૫૦ ટકા રાહત આપવા વગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે.

આ અવસરે પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણભાઈ પટેલ, વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખ રામ જોષી, જી.ઈ.બી.ના ઈજનેર પી.જી.પટેલ, નોટિફાઈડ એરીયાના ધવલ પટેલ, ઉદ્યોગકારો વગેરે હાજર રહયા હતા.











તંત્રી સ્થાનેથી...


ફરી વખત ખુની રમત

જમ્મુ કાશ્મીરમાં હજુ સુધીના સલૌથી મોટા ત્રાસવાદી હુમલાના કારણે દેશના લોકો હચમચી ઉઠ્યા છે. ગયા ગુરૂવારના દિવસે પુલવામાં જિલ્લામાં શીરનગર-જમ્મુ રાજમાર્ગ પર જેશ દ્વારા ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. વિસ્ફોટક ભરેલી ગાડી સીઆરપીએફના કાફલામાં રહેલી ગાડી સાથે અથડાવી દેવામાં આવ્યા બાદ આ હુમલો થયો હતો. જેમાં ૪૦થી વધારે જવાન શહીદ થયા હતા. કેટલાક લોકો ઘાયલ થયા હતા. સઆરપીએફના ૭૮ વાહનોના કાફલા સાથે રહેલા ૨૫૦૦ જવાનો જમ્મુથી શ્રીનગર તરફ જઈ રહ્યો હતો ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો.સ્વાભાવિક છે કે ત્રાસવાદીઓએ ખુબ વિચારણા કરીને અને ઘણા સમય સુધી અભ્યાસ કર્યા બાદ આ હુમલાને અંજામ આપ્યો હતો. સુરક્ષા દળોના કાફલા જમ્મુ કાશ્મીરમાં આવતા રહે છે પરંતુ આ પ્રકારનો હુમલો પહેલી વખત કરવામાં આવ્યો છે. આનાથી એક બાબત તો સાફ થઈ જાય છે કે ત્રાસવાદીઓને મુવમેન્ટ અંગે પહેલાથી જ માહિતી હતી. સામાન્ય રીતે જ્યારે સુરક્ષા દળોનો કાફલો નિકળે છે ત્યારે સામાન્ય વાહનોને રોકી દેવામાં આવે છે અને તેમના પર નજર રાખવામાં આવે છે. આને લઈને સીઆરપીએફ અને સેનાના તરીકા જુદા જુદા છે પરંતુ પુલવામાં ખાતે ક્યાં ભુલ થઈ છે તે અંગે તપાસ ચાલી રહી છે. પ્રશ્ન એ થાય છે કે આટલા જંગી પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી સાથે હુમલાખોર કઈ રીતે પહોંચ્યો તે ગંભીર પ્રશ્ન છે. ચોક્કસપણે આ સરહદ પારથી આવ્યો હતો કે કેમ તેના પર નજર રાખવામાં આવે છે. એમ કહેવામાં આવે છે કે ગુપ્તચર સંસ્થાઓ દ્વારા સાત દિવસ પહેલા જ શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આ પ્રકારના હુમલા થઈ શકે છે. ત્રાસવાદને રોકવા માટે સૌથી પહેલા બાબત ફુલપ્રુફ સુરક્ષા છે. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ દેશના સામાન્ય લોકોમાં નારાજગી છે. જો કે આ સમય સંયમ રાખવામાં આવી રહ્યો છે. હાલમાં કોઈને પણ એવા કોઇ નિવેદન કરવા જોઈએ નહીં જેના કારણે દેશમાં વાતાવરણ બગડી શકે . ત્રાસવાદની સામે સમગ્ર દેશને સાથે મળીને લડવાની જરૂર છે. સાથે સાથે કાવતરા ઘડી રહેલા ત્રાસવાદીઓનો પર્દાફાશ રવાની પણ જરૂર દેખાઈ રહી છે. તમામ કામો તો ઠંડા કલેજે જ કરી શકાશે. ોઈ કામ ઉતાવળમાં કરવાથી નુકસાન થઈ શકે છે. એક નહીં કેટલાક મોરચા પર એક સાથે કામ કરવાની જરૂર દેખાઇ રહી છે. સૌથી પહેલા એવા તમામ લોકો સાથે વાતચીત કરવી પડશે જે લડાઈમાં અમારા સાથી હોઇ શકે છે. કેન્દ્ર સરકારે જેશ સહિત અન્ય ત્રાસવાદીઓની યાદી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની વૈશ્વિક યાદીમાં સામેલ કરવાની અપીલ કરી છે. વિશ્વ સમુદાયને અપીલ કરવામાં આવી છે કે પાસ્તિાનમાંથી ચાલતા ટેરર કેમ્પને બંધ કરવા માટે પાકિસ્તાનને કહેવામાં આવે. ચીને હુમલાની નિંદા કરી છે પરંતુ મસુદને ત્રાસવાદી યાદીમાં મુકવાની ભારતની અપીલને સમર્થન આપવાનો ઈન્કાર કર્યો છે. અમને આ તમામ પ્રયાસોને જારી રાખવાની જરૂર છે. ધ્યાન આપવાની બાબત છે કે સ્થાનિક બોમ્બરે આ હુમલો કર્યો છે. આ બાબત અમારી સામે જાય છે. કાશ્મીરી યુવાનો આ રસ્તો ન પકડે તેના માટે તેમની વચ્ચે મતભેદો દુર કરવા પડશે.

પુલવામાં હુમલાએ દેશના તમામ લોકોને હચમચાવી મુક્યા છે : નારાજગીનુ મોજુ

એગ્ઝામ સ્ટ્રેસ : બાળકોના મનોભાવને સમજીને પ્રોત્સાહન આપો...

પરીક્ષા આવી : બાળકોને સમજો



જે બાળકો વર્ષભર તૈયારી કરતા નથી તે બાળકો છેલ્લી ઘડીએ નર્વસ બને છે : પહેલા રસવાળા વિષય અને ત્યારબાદ મુશ્કેલ વિષય વાંચો

ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં હવે થનાર છે. ટુંકમાં પરીક્ષાનો સમય છે. પરીક્ષાનો દોર શરૂ થઈ ગયા બાદ આ સમય શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ત્રણેય માટે પડકારરૂપ સમય હોય છે. પરીક્ષાના ગાળા દરમિયાન બાળકો ટેન્શનમાં ઘેરાઇ જાય છે. પોતાની ક્ષમતા પર શંકા કરવી અને પોતાને કમજોર ગણવાના કારણે આ પ્રકારની સમસ્યા ઉભી થાય છે. સામાન્ય રીતે બાળકોના આ મનોભાવને માતાપિતા સમજી શકતા નથી. જેના કેટલીક વખત ઘાતક પરિણામ સામે આવે છે. વિદ્યાર્થીઓ પરીક્ષાના ગાળા દરમિયાન રાત્રીમાં પણ જાગે છે. ભોજન પ્રમાણમાં ઓછુ લેવાની શરૂઆત કરે છે. વિદ્યાર્થીઓ ટેન્શનમાં રહે છે. નિષ્ણાંત શિક્ષકોનુ કહેવુ છે કે પરીક્ષાના ગાળા દરમિયાન છથી આઠ કલાક સુધી વાંચન પણ પુરતા પ્રમાણમાં હોય છે. પરિવારના સભ્યોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. પરીક્ષાને એક ખેલ તરીકે લેવામાં આવે તે જરૂરી છે. પરિણામની ચિંતા કર્યા વગર જોરદાર દેખાવ કરવા માટેની સલાહ નિષ્ણાંતો આપે છે. અભિભાવક અને વાલી બાળકોને પ્રોત્સાહન આપે તો ખુબ રાહત મળે છે. આવી બાબતોથી વિદ્યાર્થીઓમાં હિમ્મત આવે છે. દરેક બાળકમાં અમર્યાદિત પ્રતિભા અને વિશ્વાસ હોય છે. ટેન્શનથી એકાગ્રતા ભંગ થઈ જાય છે. ભણવા માટે ટાઇમ ટેબલ બનાવવા માટેની તાકીદની જરૂર હોય છે. બ્રેકમાં મ્યુઝિક સાંભળવા માટેની પણ સલાહ કેટલાક લોકો આપે છે. ક્રિએટિવ તરીકાથી વાંચવાની ટેવ રાખવી જોઈએ. સવારમાં હળવી કસરત કરવી જોઈએ. યોગ કરવાથી પણ ફાયદો થાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જે બાળકો શિસ્તમાં રહેતા નથી અને વર્ષ દરમિયાન વાંચતા નથી તેઓ પરીક્ષાના ગાળા દરમિયાન નર્વસ અનુભવ કરે છે. આવી સ્થિતીમાં પહેલા રસવાળા વિષય વાંચવા જોઈએ. ત્યારબાદ મુશ્કેલ વિષય પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. મુશ્કેલ વિષયને પછી લેવામાં આવે તો ફાયદો થાય છે. જાણકાર મનોચિકિત્સક કહે છે કે બાળકો પોતાના મનની વાત મિત્રો, પરિવારના સભ્યોને કરે તે જરૂરી છે. આનાથી તેમના અંદરનો ભય નિકળી જાય છે. લોકો શુ વિચારશે તેની તરફ ધ્યાન આપવાના બદલે હકારાત્મક બાબતો પર ધ્યાન આપવાની જરૂર હોય છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે જે વાંચ્યુ છે તે આવડવુ જોઈએ. વાલીઓને આ બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે કે તેઓ પોતાની ઇચ્છા બાળકો પર ન લાદે. આનાથી નુકસાન થઈ શકે છે. બાળકોની સાથે વાલીઓ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચે તે જરૂરી છે. તેમને પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે. ઘરે આવ્યા બાદ બાળકોની મનોદશા સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પેપર પૂર્ણ થયા બાદ તેની બીજી પરીક્ષા બહાર લેવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. પરીક્ષાના ગાળા દરમિયાન એક પ્રશ્નનો જવાબ આવી રહ્યો નથી તો તેને પછી કરવા માટે રાખવાની જરૂર હોય છે. અન્ય પ્રશ્નોના જવાબ પહેલા લખવા જોઈએ. પરીક્ષાના અંતે સમય હોય તો તે પ્રશ્નના જવાબ લખવાના પ્રયાસ કરવા જોઈએ .અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીઓ સાત કલાકની ઊંઘ માણી રહ્યા છે તે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ યોગ્ય પરિણામ મેળવી રહ્યા છે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સાત કલાકની ઊંઘ સારા પરિણામમાં મદદરૂપ થાય છે. ફેડરલ માર્ગદર્શિકામાં વિદ્યાર્થીઓને નવ કલાક ઊંઘવાની ભલામણ કરવામાં આવી છે પરંતુ આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સાત કલાકની ઊંઘ વિદ્યાર્થીઓને સારા પરિણામ મેળવવામાં મદદરૂપ બને છે. અભ્યાસમાં સામેલ અધિકારી ઇરીક આઈડે કહ્યું છે કે અમે ઓછી ઊંઘ અંગે વાત કરી રહ્યા નથી પરંતુ ડેટા જણાવે છે કે સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે આદર્શ છે. સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા પરિણામમાં મદદરૂપ બની શકે છે. આઈડ અને બ્રિગહામ યગ યુનિવર્સિટીના ઇકોનોમીક પ્રોફેશર માર્ક સોવાલટર દ્વારા કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પરીક્ષાના ગાળામાં પણ આટલી ઊંઘ પુરતી રહે છે. આરોગ્ય અને શિક્ષણ ઉપર તેની અસરની ચર્ચા પણ કરવામાં આવી હતી.

જ્યાં સુધી ઊંઘથી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓએ ઊંઘ લેવી જોઈએ. પરંતુ આ પ્રકારના તારણોથી તમામને આશ્ચર્ય થયું હતું. ૧૭૨૪ પ્રાઈમરી અને સેકેન્ડરી વિદ્યાર્થીઓના સેમ્પલ લીધા બાદ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું છે કે ઊંઘની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. ઊંઘની પરીક્ષામાં સ્કોર ઉપર અસરના કદ અંગે વાત કરવામાં આવી નથી.

શરીરની રોગ પ્રતિકારક શક્તિને પણ વધારી દેવામાં ભૂમિકા...

વિટામિન ડોઝ : વય અસર ઘટાડે છે



રેટિનોલ વિટામિન અને બીટા વિટામિન શરીર માટે ખૂબ જરૂરી ઘટક પૈકી એક છે : સારા એન્ટીઓક્સીડેન્ટ તરીકે ગણવામાં આવે છે

વિટામિનને લઈને આજના સમયમાં પણ લોકોની પાસે પુરતી માહિતી નથી. લોકો શરીરની જુદી જુદી ફિટનેસ હાંસલ કરવા માટે ડાયટિશિયન અને નિષ્ણાંતોની મદદ મેળવે છે. આ નિષ્ણાંતો યોગ્ય પ્રમાણમાં વિટામિન, પ્રોટીન અને અન્ય ચીજોનો ઉપયોગ કરવા માટે સલાહ આપે છે. વિટામિનની વાત કરવામાં આવે તો વિટામિન એના બે પ્રકાર છે. વિટામિન એ એક્ટિવ-માસં, ડેયરી પ્રોડક્ટસમાં હોય છે. આને રેટિનોલ પણ કહેવામાં આવે છે. જ્યારે બિટા વિટામિન શાકભાજી, ફળ ફળાદી અને અન્ય ચીજોમાં ઉપલબ્ધ હોય છે. વિટામિન એ ઘોળાઈ જાય તે પ્રકારના હોય છે. તે સ્કીન, હાડકાને મજબુત બનાવે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે. જે કોશિકાને નુકસાન થતા બચાવે છે. સોજા સંબંધિત સમસ્યાને રોકે છે. તે એન્ટી એજિંગ પણ છે. શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. હાર્ટ, કિડનીના કામોને સામાન્ય રાખે છે. તેની કમી હોવાની સ્થિતીમાં આંખમાં તકલીફ થાય છે. સ્કીન સુખી બની જાય છે. વારંવાર શરદી ગરમી થાય છે. થાક લાગે છે. દુધ, ગાજર અને અન્ય પાંદડાવાળા શાકભાજીમાં તેનુ પ્રમાણ વધારે હોય છે. ઇંડા, દુધ, બટાકા, સોયાબીનમાં પણ તેનુ પ્રમાણ જોવા મળે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે બાળકોને ૪૦૦ મિગ્રા, યુવાનોને ૯૦૦ મિગ્રા અને મહિલાઓને ૭૦૦ તેમજ સ્તનપાન કરાવતી મહિલાઓને ૧૨૦૦ મિગ્રા દરરોજ લેવામાં આવે તે જરૂરી છે. શરીમાં રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે. જો કે તેના વધુ પ્રમાણના કારણે પણ તકલીફ થાય છે. વધારે પ્રમાણમાં લેવાથી હાડકાને નુકસાન થાય છે. લિવર સંબંધી સમસ્યા ઉભી થઈ શકે છે. ગર્ભ નિરોધક દવાની અસર ઘટી શકે છે.વિટામીન યાદશક્તિને વધારવામાં ઉપયોગી છે કે કેમ તેનો લઈને ઘણા અભ્યાસ કરવામાં આવી ચૂક્યા છે પરંતુ ફ્રાંન્સમાં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ વિટામીન યાદશક્તિને વધારવાની ચોક્કસપણે ખૂબ ઉપયોગી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પુખ્તવયના જે લોકો છેલ્લા ઘણા સમયથી વિટામીન અને ખનીજ તત્વો ખાવામાં ઉપયોગ કરી રહ્યા છે તે લોકોની યાદશક્તિ આવા ઘટક તત્વોનો ઉપયોગ ન કરનાર લોકો કરતાં વધારે રહી છે. સંશોધકોનું કહેવું છે કે આ અભ્યાસના કારણો સૂચવે છે કે પૂરતા પ્રમાણમાં પોષક તત્ત્વોથી વિચાર શક્તિ વધે છે. સાથે સાથે યાદશક્તિની કુશળતા પણ વધે છે. વધુ સમય સુધી કોઈ ચીજ યા રહી જાય છે. પરંતુ નવા અભ્યાસ સૂચવે છે કે આ પરિણામોની પ્રામાણિકતા ચકાસવા હજુ પણ વધુ અભ્યાસની જરૂર છે. બ્રિટનમાં યુનિવર્સિટી ઓફ એબરડીનમાં પોષક તત્વો સાથે સંકળાયેલા નિષ્ણાંત મેકનીલે કહ્યું છે કે દરેક વ્યક્તિએ ખાવામાં પૂરતા પ્રમાણમાં વિટામીન અને મિનરલ તત્વોનો ઉપયોગ કરવો જોઈએ. વિટામીન અને ખનીજ તત્વોની અછત ધરાવતા લોકોમાં આ પ્રકારના પોષક તત્ત્વો જો ડાઈટમાં ઉપયોગ કરવામાં આવે તો તેમની યાદશક્તિમાં વધારો થાય છે. ફ્રાંસમાં કરવામાં આવેલા અભ્યાસમાં મોટી સંખ્યામાં લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ૪૫થી ૬૦ વર્ષની વયના લોકોને આમા આવરી લેવામાં આવ્યા હતા. અભ્યાસમાં જે લોકોને સામેલ કરવામાં આવ્યા હતા તેમાં બે ગ્રુપ પાડવામાં આવ્યા હતા જેમાં અડધા લોકોને વિટામીન સી, ઈ, સિલેનીયમ, ઝીંક જેવા પોષક તત્વોનો ઉપયોગ કરનાર લોકોને રાખવામાં આવ્યા હતા. અન્ય ગ્રુપમાં ન્યુટ્રીસન મુક્ત લોકોને આવરી લેવામાં આવ્યા હતા. થોડાક વર્ષ બાદ પરિણામ ખૂબ જ આશાસ્પદ દેખાયા હતા. છ વર્ષ બાદ બંને ગ્રુપમાં ચકાસણી કરવામાં આવતા યાદશક્તિના નક્કર તારણો જાણવા મળ્યા હતા.વિટામિન-ડીની અછત એક સામાન્ય સમસ્યા છે. પરંતુ મોટા ભાગના લોકો આ મામલે પુરતી માહિતી ધરાવતા નથી. વિટામિન-ડીની અછતના લક્ષણ સામાન્ય રીતે ખુબ મોડેથી જાણવા મળે છે. વિટામિટ-ડીની અછત થવા માટે કેટલાક કારણો જવાબદાર હોય છે. જે પૈકી એક કારણ અપુરતા ભોજનનું પણ છે. આ ઉપરાત સુર્યના અપુરતા કિરણો પણ છે. મહિલાઓમાં આધુનિક સમયમાં તાપમાં નિકળતી વેળા સ્કાર્ફ, કોટ અને સનસ્ક્રીન લોસન લગાડવાનો ક્રેઝ જોવા મળે છે. આ ઉપરાંત ઓફિસમાં એસી રૂમમાં બેસીને કલાકો સુદી કામ કરવાનો ક્રેઝ પણ વધ્યો છે. આ તમામ કારણોસર મહિલાઓ અને પુરૂષોમાં વિટામિન-ડીની અછત જોવા મળે છે. જેથી દિવસભરમાં કોઈ સમય તાપમાં રહેવાની સલાહ નિષ્ણાંતો આપે છે. થોડાક સમય સુધી તાપમાં રહેવાથી વિટામિન-ડીની અછત કેટલીક હદ સુધી ઓછી થાય છે.

થ્રીડી પ્રિન્ટરથી કૃત્રિમ અંગ

માનવી જીવનને વધુને વધુ સરળ અને તકલીફ વગર બનાવવા માટે વૈજ્ઞાનિકો અને તબીબો અવિરત લાગેલા છે. હવે એક એવી નવી ક્રાંતિકારી ટેકનોલોજી તૈયાર કરવામાં આવી ચુકી છે જેના કારણે ભવિષ્યમાં કૃત્રિમ અંગોનુ નિર્માણ પણ કરી શકાશે. થ્રી પ્રિન્ટર ટેકનોલોજી વિકસિત કરવામાં આવી છે. રેપ્લિકેટર્સ સ્ટારટ્રેક ડોટ કોમની એક એવી ટેકનોલોજી આવી છે જે તબીબો અને એન્જિનિયરો માટે નવી આશા જગાવી રહી છે. શોધમાં વ્યસ્ત રહેલા સંશોધકોએ હવે એક એવા થ્રી ડી પ્રિન્ટર બનાવી લેવામાં સફળતા મેળવ છે જે પ્રકાશન ટેકનિકની જેમ જ કોઇ વસ્તુઓના માત્ર થોડાક હિસ્સા જ નહીં બલ્કે તેના પૂર્ણ થ્રી ડી પ્રિન્ટ બનાવી લેવામાં સક્ષમ છે. શોધ કરનાર સંશોધકોએ આને કોમ્પ્યુટર એક્સિયલ લીથોગ્રાફી નામ આપ્યુ છે. આ પ્રિન્ટર સિન્થેટિક સામગ્રીથી વસ્તુઓના નિર્માણ કરે છે. જે પ્રકાશ અને ખાસ પેટર્નના સંપર્કમાં આવતાની સાથે જ ઠોસ સ્વરૂપમાં ફેરવાઇ જાય છે. બર્કલે અને કેલિફોર્નિયાના લોરેન્સ લિવરમોર રાષ્ટ્રીય પ્રયોગશાળાના શોધ કરનાર સંશોધકોએ સંયુક્ત રીતે સીએએલ રેપ્લિકેટર નામના સાધનનો ઉપયોગ કરીને નાના વિમાન અને પુલ નિર્માણનુ કામ કર્યુ છે. સાથે સાથે આ સંશોધકોએ આ ટેકનિકનો ઉપયોગ કરીને માનવી જડબા અને પેચકસના હેન્ડલ પણ બનાવી લીધા છે. આ તમામ જરૂરી ચીજો માત્ર બે મિનિટમાં તૈયાર કરવામાં આવી છે. કેરોલિના યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રી જોસેફ ડેસિમોને કહ્યુ છે કે તે નાના અને પારદર્શી વસ્તુઓએને બનાવવા માટેની નવી અને અસરકારક ટેકનોલોજી છે. જે ભવિષ્યમાં માનવી અંગોના થ્રી ડી ઉત્પાદનની નવી આશા જગાવે છે. આ પ્રક્રિયામાં માત્ર પ્રકાશ અને સિન્થેટિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. પહેલા કોમ્પ્યુટર પર ડીઝાઇન કરવામાં આવતી વસ્તુના ચિત્ર બનાવવામાં આવે છે. ત્યારબાદ ડિજિટલ વિડિયો પ્રોજેક્ટમાં આને વધારે પારદર્શી અને વાસ્તવલિક સ્વરૂપમાં મુકવામાં આવે છે. ત્યારબાદ મસીન આ ચિત્રાને એક ફરતનાર સિસિન્ડરસ્વરૂપના સાધનમાં મુકવામાં આવે છે. જેમાં કિરણોના માધ્યમથી પ્રક્રિયા થાય છે. આ સાધન સિન્થેટિક સામગ્રીથી ભરેલા રહે છે. ત્યારબાદ પ્રિન્ટર કોમ્પ્યુટર એક્સિયલ લોથોગ્રાફી ટેકનિકથી ઉપરોક્ત વસ્તુના ઠોસ સ્વરૂપને બનાવી દે છે. આનાથી દર્દીઓ માટે કૃત્રિમ અંગ ડિઝાયન કરવામાં મદદ મળશે.

કોપરલી ખાતે પી.એચ.સી.નું નવનિર્મિત મકાન આદિજાતિ રાજ્યમંત્રીના હસ્તે જનસમર્પિત કરાયું

રાજ્ય સરકાર આરોગ્યલક્ષી સેવાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા કટિબધ્ધ છે - આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર

વલસાડ



વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ હોવાની સાથે દરેક ક્ષેત્રે સુવિધાઓમાં વધારો કરી જનસેવાનો નિર્ધાર કર્યો હોવાનું વલસાડ જિલ્લાના વાપી તાલુકાના કોપરલી અને તેમની આસપાસના ગામના લોકોને આરોગ્યસેવા પૂરી પાડવા માટે કોપરલી ખાતે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જમ્મુ-કશ્મીરમાં શહીદ થયેલા વીર જવાનો માટે બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આ અવસરે આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરે દેશના શહીદોને નમન કરી શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું હતું કે, આપણા સૈનિકો દેશભક્તિની ભાવના સાથે કોઇપણ પરિસ્થિતિમાં દેશની સેવા કરે છે. જેના થકી આપણે શાંતિથી જીવન જીવી શકીએ છીએ. અટલ બિહારી બાજપેયજીએ પોખરણ ધડાકો કરી ભારતની પરમાણુશક્તિનો પરચો આપ્યો હતો. આરોગ્ય સુવિધા સૌને મળે તેવો રાજય સરકારનો ઉદેશ છે, અને તે માટેનું સુદૃઢ આયોજન કરાયું છે. આરોગ્ય કેન્દ્રોના સુવિધાયુકત મકાનો બનાવવામાં આવ્યા છે. જેમાં તાલીમ પામેલી નર્સ, ડોક્ટરો સેવા આપે છે. આયુષ્માન ભારત યોજના હેઠળ અનેક પ્રકારના ગંભીર રોગો માટે પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર કરવામાં આવી રહી છે. જેના થકી હવે ગરીબ પરિવાર પૈસાના અભાવે સારવારથી વંચિત રહેશે નહીં. અકસ્માત થાય ત્યારે ૫૦ હજાર સુધીનો પ્રાથમિક સારવારનો ખર્ચ રાજ્ય સરકાર આપે છે. સેવાકાર્યમાં જોડાયેલા ડોક્ટરો કર્મયોગી બની સારવાર આપે તો આ આરોગ્યકેન્દ્ર ગ્રામજનો માટે આશીર્વાદરૂપ બની રહેશે. અહીં દરેક પ્રકારના ટેસ્ટ વિનામૂલ્યે થઇ શકશે, આયુષ્માન, મા અમૃતમ યોજના વગેરે યોજનાઓ પણ કાર્યરત છે જેનો ગ્રામજનોને લાભ લેવા જણાવ્યું હતું.

કિસાન સન્માનનિધિ હેઠળ દરેક ખેડૂતને ૬ હજાર રૂપિયા આપવામાં આવશે, જેના જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયતમાં જમા કરાવી દેવા જણાવ્યું હતું. કોપરલી પ્રા.શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. ગામ અગ્રણી નગીનભાઇ પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. આ અવસરે સરપંચ દિનેશભાઇ પટેલ, મેડીકલ ઓફિસર આસ્થા ત્રિવેદી, મહેશભાઇ ભટ્ટ, આરોગ્ય કેન્દ્રના સ્ટાફ, ગ્રામજનો હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ધર્મેશભાઇ જે. પટેલે કર્યું હતું.

આખરે ભૂલ ક્યાં થઈ..?!! શું ૪૪ જિંદગી બચી શકતી હતી?!! એક સવાલ

પુલવામાં આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકાર હરકતમાં આવી ગઈ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૪ જવાનોની શહીદી પછી પણ રાષ્ટ્રીય શોક જાહેર ના કરતા ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી અને બુંદેલખંડમાં જાહેર સભાને સંબોધન કરતા તાત્કાલિક ઘોષણા કરી કે સેનાને આનો જવાબ આપવાને માટે ખુલ્લી છૂટ આપી દીધી છે આતંકીઓને કયા અને કયારે આકરો જવાબ આપવો એ સેના નક્કી કરશે અને શહીદ થયેલ જવાનોનો બદલો લેવામાં આવશે શહીદોના ખૂન નો એક એક બુંદ નો હિસાબ લેવામાં આવશે વડાપ્રધાને લોકોના મનની વાત કીધી હવે સેના આનો જવાબ આપશે પરંતુ જે પ્રકારે આ સમગ્ર ઘટના બની અને આતંકી આટલા મોટા હુમલાને કેવી રીતે અંજામ આપી શક્યા તેની તપાસ શરૂ થઈ ગઈ છે ત્યારે આઠ ફેબ્રુઆરીના દિવસે કાશ્મીર ગુપ્તચર વિભાગે આપેલ એક રિપોર્ટ ને નજર અંદાજ કરી આટલા બધા જવાનો છે એક સાથે આતંકવાદી વિસ્તારમાંથી લઈ જવાની કોને મંજૂરી આપી તેની તપાસ સૌથી પહેલા થવી જોઈએ.

એવી ખબર આવી છે કે ૮ ફેબ્રુઆરીના દિવસે ગુપ્ત જાણકારી આપવામાં આવી હતી કે આતંકવાદી હુમલો થઈ શકે છે અને હુમલામાં આઈ.ઈ.ડી નો ઉપયોગ થઈ શકે છે તને થયું પણ એવું કે જેમાં આઈ ઈ ડી નો ઉપયોગ કરવામાં આવ્યો અને ૪૪ જવાનો શહીદ થઈ ગયા કાશ્મીરમાં છેલ્લા કેટલાય વર્ષોથી આતંકવાદ ચરમસીમા પર છે જ્યાં હુમલો થયો તે પુલવા વિસ્તારમાં સતત આતંકવાદી ઘટનાઓ થઈ રહી છે એવામાં એકસાથે ૨૫૦૦ જુવાનોને એક જ રૂટ ઉપરથી લઈ જવા અને ગુપ્ત જાણકારી હોવા છતાં ત્યાંથી પસાર થવું તેની તપાસમાં સવાલ એ છે કે ગુપ્ત જાણકારી પછી પણ સઘન સુરક્ષાના વ્યવસ્થા કેમ કરવામાં ના આવી ....? એકસાથે આટલા બધા જવાનોને લઈ જવાનો નિર્ણય આખરે કોનો હતો....?શું એક પછી એક લઈ જઈ શકતા નહોતા....? સવાલ અનેક છે જે દેશના નાગરિકો પૂછી રહ્યા છે સવાલ તો છે પરંતુ તેના જવાબો આમ લોકો સુધી પહોંચી શકશે....? કેમકે આવી બાબત નો રિપોર્ટ સામાન્ય લોકો સુધી નહિ પહોંચે અને ગુપ્તતાના નામ ઉપર સરકારના માળિયામાંજ પડી રહે છે.

કાશ્મીર પોલીસે જે ખાનગી જાણકારી ઘટનાના એક અઠવાડિયા પહેલા સી આર પી એફ સહિત બધાને લેખિતમાં મોકલી હતી તેને બહુ જ અર્જન્ટ આપવામાં આવેલ હતી જોવાનો ની મુવમેન્ટ પહેલા આ વિસ્તારમાં બધી જ રીતે સફાઈ કરવાની સલાહ પણ આપવામાં આવી હતી આ પ્રકારની સફાઈ એટલે કે ત્યાં સંપૂર્ણ રીતે તપાસ કરવી અને તે તેના પછી જવાનોની ગાડીઓને ત્યાંથી લઈ જવી પરંતુ લાગે છે કે આ ગુપ્ત જાણકારી ને કોઈએ ગંભીરતાથી નથી લીધી અને ૭૦ ગાડીઓ માં જવાનો ને લઈને નીકળી ગયા સંપૂર્ણ તપાસ કરવામાં આવી હોત તો લગભગ ૩૦૦ કિલો આરડીએક્સ થી ભરેલી આત્મઘાતી આતંકી કાર ની ખબર પડી જતી અને હુમલાને રોકી શક્યા હોત ૪૪ જિંદગી બચી શકી હતી કોની ભૂલ છે તેની તપાસ થવીજ જોઈએ જેથી કરીને હવે પછી આવી ભૂલ ન થાય અને કોઈપણ આતંકીઓના હુમલામાં દેશનો એક પણ જવાન આ રીતે શહીદ ન થાય.

રેડક્રોસના મધરટેરેસા સમા ડૉ.મધુબેન નાયક- પુસ્તકનું લોકાર્પણ



નવસારી:શનિવાર: રેડક્રોસ ગુજરાતના માધ્યમે ૧૨ વર્ષની સાતત્યપૂર્વક જવાબદારી સંભાળી નિવૃત્ત થયેલા રાજય રેડક્રોસના પૂર્વ ચેરમેન અને રેડક્રોસ નવસારીના પૂર્વ સ્થાપક પ્રમુખ ડૉ.મધુબેન નાયકની સેવાનું અભિવાદન કરવા અને લખાયેલ પુસ્તક માનવતાના પથદર્શક નું લોકાર્પણ કરવા ભાવનગર જિલ્લા રેડક્રોસ શાખાના ભાવનગરમાં યોજાયેલા સમારોહમાં વિશ્વ વંદનીય સંત પૂ.મોરારીબાપુએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય, વ્યવસાય, આશ્રમશાળાઓ કે રમતગમતક્ષેત્રે સરાહનીય કામો થઈ રહયાં છે. ધર્મ-પૂજાપાઠ કરવા સરળ છે. પણ બીજાનું કલ્યાણ કરતો સેવા ધર્મ કઠિન છે. અહીં જાતે જઈને કામ કરવાનું રેડક્રોસ નિશાન લાલ ચોકી છે. ચોકડીની લીટી નાકે આડી લીટી પાડશો તો તે સ્વસ્તિક બને છે. રાજયમાં રેડક્રોસનું નિશાન લાલચોકડી છે. રાજયમાં રેડક્રોસ માધ્યમે આ ચોકડીની ચારે લીટીને વિસ્તૃત કરી, પ્રસિધ્ધિથી દૂર રહી જીવન બચાવવાનું કાર્ય થઈ રહયું છે. ડૉ.મધુબેન નાયકે આ ક્ષેત્રે ધૂણી ધખાવી રાજય માટે ઉપયોગી થયા અને એ કાર્યોનું પુસ્તક લેખન થયું-સરવાળે રેડક્રોસ ભાવનગર જિલ્લા શાખાએ સદકાર્યુ કર્યુ છે.

સન્માનિત થયેલા ડૉ. મધુબેન નાયકે જણાવ્યું હતું કે, રેડક્રોસ નવસારીની સ્થાપના કરી ૨૫ વર્ષ પછી રાજયની જવાબદારી સંભાળી ત્યારે અહી તંત્ર અવ્યવસ્થિત હતું. આર્થિક કટોકટી-રેડક્રોસ ચીજવસ્તુના ગોડાઉનમાં સાપો ફરતા હતાં. દાનવીરોના દાન મેળવી, અન્ય કાર્યકરોએ આપેલા સાથથી સધ્ધરતા મળી એ ઈશ્વરને આભારી છે. આ સભાએ ડૉ.મધુબેન નાયકનું સ્ટેન્ડિગ અભિવાદન કર્યુ હતું. સમગ્ર રાજયમાં રેડક્રોસ શાખા માધ્યમે ૧૫ થી વધુ વર્ષથી સંકળાયેલ ૫૦ રેડક્રોસ કર્મીઓનું અભિવાદન થયું હતું.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક ૨૮ ફેબ્રુઆરીએ, રાહુલ-પ્રિયંકા ગાંધી રોડ શો કરશે

અમદાવાદ

દક્ષિણ ગુજરાતમાં લાલઘુંગરી ખાતે જનઆક્રોશ રેલી સંબોધીને રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. હવે કોંગ્રેસે આગામી લોકસભાની ચૂંટણીની રણનીતિ ઘડવા ગુજરાતમાં જ કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બોલાવવાનુ નક્કી કર્યુ છે. સૌ પ્રથમવાર ગુજરાતમાં અમદાવાદ ખાતે ૨૮મી ફેબ્રુઆરીએ કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી રહી છે. અમદાવાદમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા રોડ શો કરવાના છે. જેને પગલે ભાજપને અત્યારથી ટેન્શન આવે તેવી સંભાવના છે. રાહુલ ગાંધીનો લાલ ઘુંગરીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ હતી. ગુજરાતમાં પ્રિયંકાનો પ્રથમવાર રોડ શો હોવાથી કોંગ્રેસ પણ તૈયારીમાં લાગી ગઈ છે. યોગીના ગઢમાં પ્રિયંકાના રોડ શો ને ભારે સફળતા મળી હતી. જેને પગલે કોંગ્રેસે પ્રિયંકા અને રાહુલ ગાંધીનો રોડ શો અમદાવાદમાં કરવાનું આયોજન કર્યું છે. ભાજપ અમદાવાદમાં મજબૂત હોવાથી કોંગ્રેસે અમદાવાદને ટાર્ગેટ બનાવ્યું છે.

દર વર્ષે યોજાતી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક આ વખતે અમદાવાદમાં મળી રહી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવાથી માંડીને વિપક્ષ તરીકે કેવી ભૂમિકા અદા કરવી તે અંગેની ચર્ચા કરવામાં આવનાર છે. કોંગ્રેસે પક્ષ ઉપરાંત ચૂંટણીની ચર્ચા કરવા મોદીના હોમસ્ટેટ ગુજરાતની પસંદગી કરી છે.

સુત્રોના મતે, કોંગ્રેસે સત્તાવાર રીતે જણાવ્યુ છેકે, ચાલુ માસના અંતમાં એટલે તા. ૨૮મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક યોજાશે. આ બેઠકમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી ઉપરાંત પ્રિયંકા ગાંધી, પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહિનસિંઘ સહિત કુલ ૮૫ સિનીયર કોંગ્રેસી નેતાઓ હાજરી આપી શકે છે. રાજકારણમાં સત્તાવાર એન્ટ્રી થયા બાદ પ્રિયંકા ગાંધી ગુજરાતમાં પ્રથમવાર આવી રહ્યા છે. આ ઉપરાંત થોડાક દિવસોમાં રાહુલ ગાંધી ફરી ગુજરાતના ચૂંટણીલક્ષી પ્રવાસે આવી શકે છે. અમરેલીમાં રાહુલ ગાંધીની જાહેરસભાનું આયોજન કરાયુ છે. આમ, કોંગ્રેસે હવે લોકસભાની ચૂંટણીમાં ય ગુજરાતમાં અવરજવર વધારવા નક્કી કર્યુ છે.

નવસારી જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ



નવસારી

નવસારી જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક આજે કલેકટર ડો.એમ. ડી.મોડીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કલેકટરશ્રીએ ઉપસ્થિત સંકલનનાં અધિકારીઓને તેમની કચેરીમાં રજુ થતી અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે જોવા તાકીદ કરી હતી. નાગરીક અધિકાર પત્રા અન્વયે રજુ થતી અરજીઓના નિકાલ, સરકારી અધિકારીઓ કર્મચારીઓ નિવૃત થતાં હોય પરંતુ પેન્શન કેસ મંજુર ન થયેલ હોય તેવા કેસ, આગામી ૨૪ માસ દરમિયાન નિવૃત થનાર કર્મચારીઓના પેન્શન કેસ, સરકારી કર્મચારીઓના પગાર ફીકશેસન અને ચકાસણી, સરકારી લેણાની બાકી વસુલાત અંગે, કચેરી તપાસણી નોંધના પુર્તતા કરવાના બાકી મુદ્દાઓ, જિલ્લામાં મંજુર થયેલ વિકાસના કામો અંગે સમીક્ષા કરી હતી. વિકાસના કામો તેમજ વિવિધ વિભાગોના લક્ષ્યાંકો સમયમર્યાદામાં પૂર્ણ કરવા સુચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયા, નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પુલવામામાં આતંકવાદી હુમલાની નિંદા કરતા શ્રી પદ્મદર્શન વિજયજી મહારાજ

રાંદેર રોડ રત્નરાજ એપાર્ટમેન્ટના પૂ. પંન્યાસપ્રવરજીની પધરામણી

સુરત

રાંદેર રોડ સ્થિત રત્નરાજ એપાર્ટ. કાતે પેરિસ, મંજુલા અને શો રૂમના માલિક છેડા પરિવારના ત્યાં પૂજય પંન્યાસપ્રવર શ્રી પદ્મ દર્શન વિજયજી મહારાજનાં ચતુર્વિધ સંઘના પાવન પગલાં અને પ્રવચન થયું હતું. આ પાવન પ્રસંગે પૂજય પંન્યાસશ્રી પદ્મદર્શનજી મહારાજે અમૃતવાણી વહાવતા જણાવ્યું હતું કે, જે લોકો પોતાના જીવનનાં ક્ષેત્રે પ્લાનિંગ કરે છે તેઓ બધે સફળ થાય છે. જે ઓ પ્લાનિંગ નથી કરતા તે બધે નિષ્ફળ જાય છે. પ્લાનિંગ સફળતાની માસ્ટર કી છે. આજનો માણસ પારિવારિક, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પ્લાનિંગ કરે છે પણ આત્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રે કોઈ પણ જાતનું પ્લાનિંગ કરવા તૈયાર નથી. જીવનનો કોઈ ભરોસો નથી. આજ પણ તમારા હાથમાં નથી તો આવતીકાલની ઉપર તો કાંઈ છોડશે નહિં. તમારે જે કાંઈ પણ શુભ કાર્ય કરવું છે તેને આવતીકાલ ઉપર લઈ જશો નહિં. અશુભ કાર્યને આવતીકાલ ઉપર લઈ જાઓ. જે તમારી સાથે આવવાનું છે તેની વિચારણા કરો.

કાશ્મીરમાં થયેલી આતંકી હુમલા સંદર્ભે દુઃખ, દર્દ અને પીડા વ્યક્ત કરતા પૂ. પંન્યાસજી મહારાજે જણાવ્યું હતું કે, આ હુમલો માત્ર અમારા સૈનિકો ઉપર નથી પણ સમગ્ર સવાસો કરોડની પ્રજા ઉપર છે.

રાજ્યના તમામ મલ્ટીપ્લેક્સ થીયેટર બે શોની આવક શહીદોના પરિવારને આપશે

ગાંધીનગર

દેશભરમાં પુલવામાના આતંકી હુમલાની નિંદા કરી રહ્યો છે. ઠેર ઠેર બદલો લેવા વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. દરેક લોકો પોત પોતાની રીતે રોષ વ્યક્ત કરી રહ્યા છે. જવાનોના બલીદાનથી દેશની તમામ પ્રજા શોકગ્રસ્ત સાથે ગર્વ પણ કરી રહી છે. પુરો દેશ આજે એક જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત મલ્ટીપ્લેક્સ એસોશિએશન દ્વારા શહીદ જવાનોના પરિવાર માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત મલ્ટીપ્લેક્સ એસોશિએશનની આજે મીટિંગ યોજાઈ હતી. જેમાં શહીદોને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એસોશિએશને શહિદ જવાનોના પરિવારને મદદ કરવાનો મોટો નિર્ણય લીધો છે.

ગુજરાત મલ્ટીપ્લેક્સ એસોશિએશન દ્વારા જમ્મુના પુલવામાં શહીદ થયેલા જવાનોના પરિવારને આર્થિક મદદ કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતના તમામ મલ્ટીપ્લેક્સ થીયેટરો અગામી સોમવારના પહેલા અને બીજા શોની તમામ આવક શહીદ જવાનોના પરિવારને આપશે તેવી જાહેરાત કરવામાં આવી છે.



એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ સ્કુલ કપરાડાનું વિસ્તરણ કરી નવા બનાવાયેલા અદ્યતન સુવિધાયુક્ત મકાનના વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે લોકાર્પણ કાર્યક્રમની શરૂઆતમાં જમ્મુ - કાશ્મીરમાં શહીદ થયેલા વીર જવાનો માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ સ્કૂલ કપરાડાના રૂા.૧૪.૬૦ કરોડના ખર્ચે બનાવાયેલા મકાનનું લોકાર્પણ કરતા આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા ખાતેની એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ સ્કૂલનું વિસ્તરણ કરી રૂા. ૧૪.૬૦ કરોડના ખર્ચે નવા બનાવાયેલા અદ્યતન સુવિધાયુક્ત મકાનનું વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે લોકાર્પણ કર્યું હતું. આ મકાનમાં સ્કૂલ અને હોસ્ટેલ બિલ્ડિંગ તેમજ ડાઇનિંગ હોલનો સમાવેશ કરાયો છે.



કાર્યક્રમની શરૂઆતમાં જમ્મુ-કશ્મીરમાં શહીદ થયેલા વીર જવાનો માટે બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આ અવસરે આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરે આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે થયેલી કામગીરી અંગે સવિસ્તર જાણકારી આપતાં જણાવ્યું હતું કે, આદિજાતિ ક્ષેત્રના અનેક બાળકો શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર રહયા છે જે આ વિસ્તાર માટે ગર્વની બાબત છે. આદિજાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખેલી એમ.બી.બી.એસ.ની તમામ બેઠકો ભરાઇ જતાં આવનારા સમયમાં હજાર આદિવાસી દીકરા-દીકરીઓ ડોક્ટર બનશે. શિક્ષણ મેળવવાના હેતુસર વિદ્યાર્થીઓને રહેવા માટે મોટા શહેરોમાં સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. જ્યોતિગ્રામ યોજના થકી દરેક ગામોમાં ૨૪ કલાક વીજળી મળી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

પૂર્વ મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્મચારીઓને કર્મયોગી બનાવી રાજય સરકારની કામગીરીને વેગવાન બનાવી હતી. જેના થકી ગુજરાત રાજયએ આર્થિક દૃષ્ટિએ હરણફાળ ભરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભરાતા હાટ બજાર થકી ખેડૂતોની સાથે ગ્રાહકોને પણ ફાયદો થયો છે. આજના યુવાનો આઇ.ટી.આઇ.માં ટેકનીકલ તાલીમ મેળવી ઘર આંગણે સ્વરોજગારી મેળવવાની સાથે ગામના અન્ય લોકોને પણ રોજગારી આપતા થયા છે જેના થકી ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ અનેકગણો વધ્યો છે. કિસાન સન્માનનિધિ હેઠળ દરેક ખેડૂતને ૬ હજાર રૂપિયા આપવામાં આવશે, જેના જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયતમાં જમા કરાવી દેવા અને જેની વારસાઇ કરવાની બાકી હોય તે સત્વરે કરાવી લેવા જણાવ્યું હતું. જંગલની જમીન ખેડૂતના નામે કરવા અંગે આવેલી ચાર હજાર જેટલી અરજીઓ પૈકી અઢારસો જેટલી ફાઇલનો નિકાલ થઇ ગયો છે, જ્યારે બાકીની ફાઇલો પણ ટૂંક સમયમાં નિકાલ થઇ જશે, તેમ તેમણે જણાવ્યું હતું.

કપરાડા ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલમાં આદિજાતિના બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ આપવામાં આવે છે. જેના થકી શાળાનું પરિણામ પણ સારું આવે છે, જે અભિનંદનીય છે. સરકારે ઇન્ફાસ્ટ્રકચરની સારી વ્યવસ્થા કરી છે ત્યારે આ શાળામાં અભ્યાસ કરતા બાળકો ભણી-ગણીને આગળ વધે તેવી શુભકામના પાઠવી હતી.

ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં આદિજાતિ કુટુંબના બાળકો સારા વાતાવરણમાં રહી અભ્યાસ કરે શકે તે માટે રેસીડેન્સીયલ શાળાઓ બનાવવામાં આવી હોવાનું જણાવી બાળકો પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

સ્વાગત પ્રવચનમાં બી.સી.ચુડાસમાએ સૌ ને આવકારતાં જણાવ્યું હતું કે, એકલવ્ય મોડેલ રેસીડેન્સયલ સ્કૂલ ૨૦૦૯માં શરૂ થઇ હતી. આ શાળામાં હાલ ૩૫૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ રાજય સરકારે વધારાના મકાન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ શાળાના એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ પ્રથમ આવ્યા છે અને શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવે છે.

ટ્રાયબલ એજયુકેશન સોસા. ડિરેક્ટર અર્જુનભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, બાળ માનસ અને સમાજનું ઘડતર શાળામાં થાય છે. સ્નેહ અને વાત્સલ્યની સાથે ભણતર અને જીવન ઘડતરના પાઠ ભણાવવા જરૂરી છે. વિદ્યાર્થીઓને સુવિધાયુક્ત મકાન રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવે છે, ત્યારે બાળકો ભણતરમાં સારું પ્રદર્શન કરે તે માટે શિક્ષકો અને વાલીઓ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે જરૂરી છે. શિસ્તનું પાલન કરવાની સાથે સંસ્કારી અને જીવન ઉપયોગી શિક્ષણ થકી બાળક પોતાની સર્વાંગી વિકાસ સાધી શકે છે. શાળાના બાળકોએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યાં હતાં. આ અવસરે મામલતદાર મહેશભાઇ પટેલ, માર્ગ-મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર, અગ્રણી ધાકલભાઇ, તાલુકા પંચાયત પ્રમુખ સુમિત્રાબેન, કપરાડાના સરપંચ, આરોગ્ય સમિતિના ચેરમેન ગુલાબભાઇ, શાળા પરિવાર, શાળાના બાળકો ઉપસ્થિત રહયા હતા. આચાર્ય વસંત પાઠકે આભારવિધિ આટોપી હતી.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે

ધોડીપાડા ખાતે દાતાઓના સહયોગથી સાડી અને ધાબળા વિતરણ કરાયા

વલસાડ

સાંસ્કૃતિક વિકાસ મંડળ દ્વારા ધોડીપાડા ખાતે સાડી અને ધાબળા વિતરણ કાર્યક્રમ વન અને આદિજાતિ વિકાસ મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી અને દાતાઓના હસ્તે ૩૫૦૦ કરતાં વધુ જરૂરિયાતમંદ લોકોને સાડી અને ધાબળાનું વિતરણ કરાયું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં જમ્મુ-કશ્મીરમાં શહીદ થયેલા વીર જવાનો માટે બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, કશ્મીરના પુલવામાં થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા સૈનિકોને કારણે સમગ્ર દેશ આજે શોકમગ્ન છે ત્યારે વીર જવાનોની શહીદીને શ્રદ્ધાંજલિ અર્પવાનું કાર્ય કરીએ, તેમના આત્માના શાંતિ મળે તે માટે પ્રાર્થના કરીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જરૂરિયાતમંદોને મદદરૂપ બનવાથી તેમના આશીર્વાદ મળે છે, અને જે આપ્યું તેના કરતાં અનેકગણો ફાયદો આપણા જીવનમાં થાય છે. મંત્રીશ્રીએ ગરીબોના મુખ ઉપર ખુશી જોઇને સંતોષ વ્યક્ત કરનારાઓનો વ્યક્તિગત રીતે આભાર માની અભિનંદન પાઠવ્યા હતા અને તેઓ જીવનમાં ખૂબ જ સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી. કિસાન સન્માનનિધિ હેઠળ દરેક ખેડૂતને ૬ હજાર રૂપિયા આપવામાં આવશે, જેના જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયતમાં જમા કરાવી દેવા જણાવ્યું હતું. આયુષ્માન યોજના થકી ગરીબ પરિવારોને પાંચ લાખ સુધીની સહાય કોઇપણ પ્રકારની બીમારીના ખર્ચ માટે આપવામાં આવે છે.

સાડી અને ધાબળા વિતરણમાં આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર સહિત આણંદના ઉદ્યોગપતિ રાજુભાઇ હાલાણી, સુપરટેક લેન્ડસ્પેસના રમેશભાઇ બાવન્થર, દમણ-સોમનાથના ઉદ્યોગપતિ અનિલભાઇ માવલીયા, વાપીના ઉદ્યોગપતિ સી.જી.ચાવડા, વાપીના પ્રકાશભાઇ શાહ, રોહિતભાઇ સોમપુરા, સેલવાસના મહેન્દ્રસિંહ રાઠોડ, ઉમરગામના કારોબારી અધ્યક્ષ આરતીબેન પટેલ, ભવાની જ્વેલર્સ વાપીના રમેશભાઇ કોઠારી, સુન્દર જ્વેલર્સના સુંદરભાઇ ઝવેરી, નામધાના હરિશભાઇ પટેલ, પરિચેહર દેવીયરવાલા, શિવશક્તિ ઈન્ફ્રા. આણંદના પ્રિયાંક મહેતા વગેરે દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ અવસરે તેજસ્વી તારલાઓને પ્રમાણપત્ર અને મેડલથી સન્માનિત કરાયા હતા.

આ અવસરે વિવેકાનંદ સ્કૂલના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ અવસરે વિવિધ ગામોના સરપંચો, અગ્રણી બાબુભાઇ વરઠા, મહેશભાઇ ભટ્ટ, શાળા પરિવારના શિક્ષકો, શાળાના બાળકો, ગ્રામજનો હાજર રહયા હતા.

ડુંભાલ ઓમનગર અને ઉધના કલ્યાણ કુટીરમાંથી જુગારી પકડાયા

જુદા જુદા સ્થળેથી પીસીબી પોલીસે ૧૧ને ઝડપી પાડ્યા

સુરત

પીસીબી પોલીસે બે સ્થળે દરોડા પાડી જુગાર રમતાં ૧૧ જણાંની ધરપકડ કરી રૂપિયા ૭૧,૧૨૦ની મતા કબજે કરી હતી.

પીસીબી પોલીસે ડુંભાલ ટેનામેન્ટ ઓમનગર સોસાયટી ઘર નં.૪૪૭-૪૪૮ પતરાવાળી રૂમમાં જુગાર રમતા રસીદ ઉર્ફે ચકરી ઈલાહી શેખ, ફિરોજ હુસૈન બાગવાન, અકીલ શેખ, સલીમ યાકુબ, રસુલખાન પઠાણ, અનવર હુસૈન કુરેશી, ઉમેશ બચુ ઠક્કર, વાસીમ રાજા પટેલ, સાબેદીન સૈયદની ધરપકડ કરી કલીમ શેખને વોન્ટેડ જાહેર કરી રોકડા રૂા.૨૬,૬૨૦ કબજે કર્યા હતા. તેમજ ઉધના કલ્યાણ કુટીર સોસાયટીમાં વરલી મટકાનો જુગાર રમાડતા સંજય કેદારનાથ મોર્યા, વિકાસ મોતીલાલ પાટીલની ધરપકડ કરી બે મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૪૪,૫૦૦ કબજે કરી પીસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.









ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે હેલ્પ લાઈન સારથીનો પ્રારંભ

મુંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓએ હેલ્પ લાઈનનો સંપર્ક સાધવા અપીલ

નવસારી

આગામી તા.૭ મી માર્ચ-૨૦૧૯ થી શરૂ થઇ રહેલ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાનપ્રવાહ) ની બોર્ડની જાહેર પરીક્ષાને લઇને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે.

બોર્ડની પરીક્ષાને લઇ કેટલાંક વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે પરીક્ષા બાબતે માનસિક ડર, હતાશા, તણાવ, ચિંતા ઉન્માદ અનુભવતા હોય છે. આ પ્રકારના લક્ષણો અને મુંઝવણો નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તણાવમુકત રહી હકારાત્મક વલણ અને વાતાવરણ સાથે કારકિર્દીની સીમાચિન્હરૂપ પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરે તેવા ઉમદા હેતુથી અને વિદ્યાર્થી તથા વાલીઓને પરીક્ષાને લગતી મુંઝવણ દૂર કરવા માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી દ્વારા ખાસ હેલ્પલાઈન સારથી ની શાળાકક્ષાએ કાયમી ધોરણે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સારથી હેલ્પલાઈન જેમાં શાળાના સારથી શિક્ષક દ્વારા આખા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને સામાજિક તથા અન્ય કોઇપણ પ્રકારની મુંઝવણ અંગે મનોવૈજ્ઞાનિક રીતે માર્ગદર્શન આપશે. જેમાં જુદા જુદા મુખ્ય વિષયોના વિષય નિષ્ણાંતો, કાઉન્સેલરો તથા મનોવૈજ્ઞાનિક પાસથેની માર્ગદર્શન સમગ્ર વર્ષ દરમિયાન શાળાકક્ષાએથી જ મેળવી શકાય તે રીતે વ્યવસ્થા કરવામાં આવી છે.

પરીક્ષાને આનુસાંગિક કોઇ પ્રૅનું જો વિદ્યાર્થીને નિરાકરણ ન થાય તો તે ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડનો હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૫૫૦૦ છે. જેના ઉપર પણ માર્ગદર્શન મેળવી શકશે. તેમજ જો જિલ્લાના વિદ્યાર્થીઓને પરીક્ષાનો તણાવ, ડર, ચિંતા વગેરે જેવી કોઇ માનસિક મુંઝવણ હોય તો શાળાના આચાર્યશ્રી તેમજ સારથી શિક્ષક સાથે પરામર્શ કરી મનોચિકિત્સક, સિવિલ હોસ્પિટલ નવસારીના ડૉ.આઇ. બી.પરીખ મો.નં-૯૮૨૪૧૯૫૧૯૪ તેમજ ગાર્ડા કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ.ધર્મવીર ગુર્જર મો.નં-૯૪૨૭૧૭૬૧૦૧ નો સંપર્ક કરી તેમની પાસેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે.

લોકસભાની ચૂંટણી મોડી કરો પણ પાકિસ્તાનને સબક શિખવાડોઃ ગણપત વસાવા

ગાંધીનગર

સમગ્ર દેશ અત્યારે ગુસ્સામા છે. જે રીતે આંતકી હુમલો કરી દેશના જવાનો સામે જે કૃત્ય કર્યુ એનેથી દેશ હલબલી ઉઢયો છે. ત્યારે દેશના લોકોમા પણ રોષ વ્યાપી ગયો છે. શહેરના લોકોએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી શ્રદ્ધાંજલી આપી છે. દરમિયાન ગુજરાત સરકારના વનમંત્રી ગણપત વસાવાએ પણ ખુબ જ સખત વલણ અપનાવતા નિવેદન આપ્યુ છે.

ગુજરાત સરકારના વનમંત્રી ગણપત વસાવાએ પાકિસ્તાન સામે લાલ આંખ કરતા નિવેદન આપ્યુ છે કે, પાકિસ્તાનમાં પણ એક મોટી શોકસભા થવી જોઈએ, આ માટે લોકસભાની ચૂંટણી મોડી કરો તે પણ તેમને યોગ્ય છે. પાકિસ્તાનને પૂરી કરવા ગણપત વસાવાની માંગ છે. આમ ગુજરાત સરકારના વનમંત્રીએ પાકિસ્તાન સામે આકરા પાણીએ આવી ગયા છે. નોંધનિય છે કે, બે દિવસ પહેલા પુલવામામાં થયેલા આતંકી હુલામાં ભારતના સીઆરપીએફના ૪૦થી વધુ જવાનો શહીદ થયા છે. દેશની પ્રજા હાલમાં ખુબ જ ગુસ્સામાં છે અને ભારતીય રાજનીતિના ધુરંધરો પણ એક સાથે મળી પાકિસ્તાન સામે ઠોસ કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ કાર્યરત

નવસારી

નવસારી જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અમલી છે. લોકોને માનસિક રોગ માટે નિદાન અને સારવાર ઝડપી મળી રહે અને દુર સુધી જવુ ન પડેતેમજ અંધશ્રધ્ધામાંથી બહાર આવે તે માટે સિવિલ હોસ્પિટલ દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના માનસિક રોગના સારવારની સુવિધા નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર પર મળી રહે તે હેતુથી માનસિક આરોગ્યની ઓપીડી(નિદાન અને સારવાર) શરૂ કરવામાં આવી છે. જેમાં કોટેજ હોસ્પિટલ વાંસદા ખાતે પ્રથમ અને ત્રીજો બુધવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ચીખલી ખાતે બીજો અને ચોથો બુધવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી,મેગુશ્રી હોસ્પિટલ બીલીમોરા ખાતે પ્રથમ ગુરૂવાર અને ત્રીજો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ખેરગામ ખાતે બીજો અને ચોથો ગુરૂવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ગણદેવી ખાતે પ્રથમ મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ટાંકલ ખાતે પ્રથમ શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.મંદિર ખાતે પ્રથમ શનિવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.રૂમલા ખાતે બીજો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.લીમઝર ખાતે બીજો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અંકલાછ ખાતે ત્રીજો ગુરૂવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અમલસાડ ગામ ખાતે ત્રીજો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અંબાડા ચોથો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી અને સી.એચ.સી.ખડસુપા ગામ ખાતે ચોથો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી સેવાઓ મળશે.તેમ સિવિલ સર્જન, નવસારીની યાદી જણાવે છે.

સેન્ટ્રલ ઝોને નાણાવટમાં ગેરકાયદે બાંધકામનું બીજી વખત ડીમોલીશન

મિલ્કતદાર પાસેથી રૂા.૫૦ હજારનો ચાર્જ વસૂલાયો

સુરત

સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧ નાણાવટમાં નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ નોંધ નં.૧૨૭૨, ૧૨૭૩માં મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર મંજૂર કરાયેલ બેઝમેન્ટ+ ભોંયતળીયા+પાંચ માળના પ્લાનો વિરૂદ્ધ ભોંયતળીયે પાર્કિંગના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ હતું. સદર ગેરકાયદેસર દુકાનોનું શટર, ચણાતર, પ્લાસ્ટર વગેરેનું બાંધકામ ગતરોજ દુર કરી કુલ ૯૫૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલકતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરૂદ્ધ દુકાનોનું કોમર્શિયલ હેતુસરનું ગેરકાયદેસર બાંધકામનું તા.૨૬-૯-૨૦૧૮ તથા તા.૧-૧૨-૨૦૧૮ના રોજ ડીમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો દ્વારા ફરી દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં, ગતરોજ ફરી ડીમોલીશન કરવામાં આવેલ. સદર મિલ્કતમાં ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૦,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.12,000/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય ત્યારે તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



સીમાડા ખાતેના ડાયમંડના રત્નકલાકારો પગારના મુદ્દે હડતાળ ઉપર હતા તે સમયે સરથાણા પોલીસે કારીગરો પર બળપ્રયોગ કર્યો હતો. જેના વિરોધમાં આજે સુરત ડાયમંડ વર્કર યુનિયન દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી.

લગ્નની લાલચ આપી એક વર્ષ સુધી સતત યુવતી ઉપર બળાત્કાર

બળાત્કાર ગુજારનાર યુવકે યુવતીના પેટ પર લાત મારી

સુરત

લગ્નની લાલચ આપી છેલ્લા એક વર્ષથી યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી ગર્ભ રહી જતા બાળક મારી નાખવાની ધમકી આપી નાળી-નદીમાં ભૂસ્કો મારી મરી જા તેમ કહી યુવતીને તાપી બ્રિજ પાસે છોડી જનાર વિરુદ્ધ અઠવા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. અઠવા પોલીસ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બડેખા ચકલા સુફીજા ચાલમાં રહેતો હર્ષદ મનુભાઈ રાઠોડ લગ્નની લાલચ આપી ફરિયાદી યુવતીને પોતાના ઘરે પત્નીની જેમ રાખ અવાર નવાર શરીર સંબંધ બાંધતા સાત માસનો ગર્ભ રહી ગયો હતો. ત્યારબાદ આરોપીએ છેલ્લા એક માસથી ફરિયાદી અને તેણીની માતાને માનસિક ત્રાસ ગુજારી પેટમાં બાળક છે, તેને મારી નાખી તેમ કહી ફરિયાદીને તાપી નદીના બ્રિજ ઉપર લઈ જઈ છોડીને ચાલ્યો ગયો હતો. આ બાબતે ફરિયાદી અઠવા પોલીસ મથકે ફરિયાદ નોધાવવાના જતા આરોપીએ સમાધાન કર્યા બાદ ગત તા. ૧૨મીએ આરોપીએ ફરિયાદીને દવાખાને લઈ જવાને બહાને પેટમાં લાત મારી હતી અને ઘરમાંથી કાઢી મૂકી હતી. અઠવા પોલીસે પીડિતાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઉત્તર દિશાથી પવન ફૂંકાતા દક્ષિણ ગુજરાતમાં ઠંડી વધી : નવસારી ૯ ડિગ્રી

વલસાડમાં ૧૨ અને સુરતમાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારે ઉત્તર દિશાથી શીતલહેર ફૂંકાતા તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતા ફરી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આજે સરેરાશ બે થી ત્રણ તાપમાનનો પારો ઘયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે અધિકત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭. ૬ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ શહેરમાં અધિકત્તમ ૩૧.૮ અને ન્યુનત્તમ ૧૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અઢી ડિગ્રી સુધી તાપમાન ઘટતા ઠંડી વધી છે. નવસારી હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ ૧૨ ડિગ્રી નોંધાયું હતું. આમ નવસારીમાં ૨ ડિગ્રી થી વધુ તાપમાન ઘટતા આજે સવારે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪.૬ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાન ઘટતા ઠંડી વધી છે.

સુખાબારી ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધી

નવસારી : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામે તાત્કાલિક અસરથી તા.૧૬-૦૩-૨૦૧૯ સુધીના દિવસ દરમિયાન રોજ સવારના ૮-૦૦ વાગ્યાથી નવસારી જિલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓ નો ફાયરીગની પ્રેકટીસ યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા દ્વારા ગોળીબાર પ્રેકટીસ દરમિયાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ને ફરવા કે ઢોરઢાખર પ્રવેશ પર ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મહુવામાં વાયરમેનના ઘરમાં તસ્કરો ત્રાટક્યા

સુરત

મહુવા તાલુકાના કરચેલિયા ગામે નિત્યક્રિયા સોસાયટીમાં રહેતા ઈલેકટ્રીશ્યનના ઘરમાં ત્રાટકેલા તસ્કરો સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂા. ૧.૫૨ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા તાલુકાના કરચેલિયા ગામે નિત્યકૃપા સોસાયટીના મકાન ૧૧૨૦માં ગઈ તારીખ ૧૪ અને ૧૫મીની રાત્રે તસ્કરો ઘુસ્યા હતા. દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશેલા ચોર કબાટ ખોલી ચાર તોલા સોનાના દાગીના કિ.રૂા. ૧,૨૦,૦૦૦ તથા રોકડ ૩૨૦૦૦ મળી કુલ રૂા. ૧,૫૨,૦૦૦થી મતા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે ઘર માલિક ઈલેકટ્રીશ્યન વિજયભાઈ કિશનભાઈ ચૌધરીએ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ.એલ. વસાવાએ કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

દ્વિચક્રી વાહનોની GJ-15- DF સીરીઝમા પસંદગીના નંબર માટે હરાજી કરાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં મોટરિંગ પબ્લિકની સગવડતા ખાતર માટે દ્વિચક્રી વાહનોના GJ-15-DF સીરીઝમા 1 to 9999 નંબર માટે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઓનલાઈન ફેરહરાજી કરાશે. જે માટે ઈચ્છા ધરાવનાર અરજદારે તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી વેબસાઈટ http://parivahan.gov.in/fancy ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી હરાજીમાં ભાગ લઈ શકશે. અરજદારે વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ભરેલું હોવું જરૂરી છે, જે રજૂ નહીં કરનાર હરાજીમાં નિષ્ફળ જાહેર કરાશે.

તા.૧૮ થી ૧૨૦ ફેબ્રુ-૧૯ દરમિયાન હરાજી માટેનું ફોર્મ રજિસ્ટ્રેશન તેમજ અરજી કરવાની રહેશે. તા.૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રોજ હરાજી માટેનું બીડીંગ ઓપન થશે. ફોર્મ તા.૨૩/૦૨/૧૯ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે અને તે એજ દિવસે બપોરે ૩-૦૦ કલાકે ખોલવામાં આવશે.

હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા નહીં કરાવનાર અરજદારની મૂળ રકમ જપ્ત થશે અને તે નંબરની હરાજી ફરીથી કરાશે. ઓનલાઈન હરાજી દરમિયાન આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. વાહન સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે, સમયમર્યાદા બહારની અરજીઓ રદ કરવામાં આવશે, એમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

ઓલપાડમાંથી રૂા. ૨.૫૦ લાખના પ્લાસ્ટિકના દાણાની ચોરી થઈ

સુરત

ઓલપાડ તાલુકાના ઉમરગામે ભવ્ય મંદિર રેસીડેન્સીના મકાન નંબર ૩૫માં જ રૂા. ૨.૫૦ લાખના પ્લાસ્ટિકના દાણા અજાણ્યા ટેમ્પોમાં ભરી ચોરી ગયો હતો.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઉમરગામે ભવ્ય મંદિર રેસિડેન્સીના મકાન નંબર ૩૫માં ગઈકાલે રાત્રે ચોરી થઈ હતી. મકાનમાં ત્રાટકેલો અજાણ્યો ઈસમ રૂા. ૨.૫૦ લાખના પ્લાસ્ટિકના દાણા ચોરી ફરાર થઈ ગયો હતો. ચોરીના બનાવ અંગે જયસુખગીરી શિવગીરી ગોસ્વામી રહે. કોસાડ સ્વીટ રેસિડેન્સી ગોપીનાથની પાછળ, તા. ચોર્યાસીએ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી છે.

કૃષિ મહોત્સવના પરિણામને પગલે

રાજ્યની કૃષિ આવકમાં રૂા.૧.૫૦ લાખ કરોડ સુધી પહોંચી : ગણપતસિંહ વસાવા

સુરતના માંડવી ખાતે જિલ્લા કક્ષાના કૃષિ મેળાને ખુલ્લો મુકતા વનમંત્રી

સુરત

કૃષિના ઋષિ એવા ખેડૂતોને આધુનિક ટેકનોલોજી, નવીનતમ સંશોધનોથી સુવિદિત કરવા તેમજ કૃષિ યોજનાઓથી માહિતગાર કરવા માટે ''આત્મા' પ્રોજેક્ટ તથા ખેડુત તાલીમ કેન્દ્ર, બારડોલીના સંયુક્ત ઉપક્રમે માંડવી તાલુકા મથકે આયોજિત જિલ્લા કક્ષાના કૃષિ મેળાને વન, આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યા હતો. તા.૧૫ અને ૧૬ ફેબ્રુઆરી એમ બે દિવસ ચાલનારા કૃષિ મેળામાં કૃષિકારો માટે ૪૦ થી વિવિધ સ્ટોલ મારફતે અનેક નવા સંશોધનો, યોજનાઓ, વિશેષ માહિતી, બિયારણો અંગે કૃષિલક્ષી જાણકારી માટે કૃષિ પ્રદર્શન પણ આયોજિત કરાયું છે.

આ પ્રસંગે મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, કૃષિમેળાઓ દ્વારા રાજયના ખેડૂતોમાં આધુનિક ખેતી પ્રત્યે આકર્ષણ વધ્યું છે. ખેડૂતોએ આધુનિક ખેતી અપનાવી આર્થિક સમૃદ્ધિ તરફ ડગ માંડ્યા છે. ભારતનું અર્થતંત્ર કૃષિ આધારિત છે. ખેતી કરતા પશુપાલનમાં આવક વધુ હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે, દર વર્ષે સુરત જિલ્લામાં સુગર ફેકટરીઓ જે નાણા ચૂકવે છે, તેના કરતા વધુ સુમુલ ડેરી વર્ષે દહાડે રૂ.૩,૨૦૦ કરોડ જેટલા સુરત અને તાપી જિલ્લાના પશુપાલક સભ્યોને ચૂકવે છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા કૃષિ મહોત્સવના પરિણામે એક સમયે ૯ હજાર કરોડની રાજ્યની કૃષિ આવક હતી, જે હાલમાં રૂ.૧.૫૦ લાખ કરોડે પહોચી હોવાનું મંત્રીશ્રીએ ગૌરવભેર કહ્યું હતું.

મંત્રીશ્રીએ રાજય સરકારની ખેડૂતો પ્રત્યે સંવેદનશીલતાયુક્ત કૃષિનીતિઓ અંગે કહ્યું કે, ખેડૂતોને કૃષિ જણસોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ૧૧ લાખ મેટ્રિક ટન મગફળી, કપાસ, તુવેર જેવા પાકોની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે આસાનીથી મળી રહે તે હેતુસર રાજય સરકારની ડિજિટલ પહેલ ખેડૂત આઈ-કિસાન પોર્ટલ પર અરજી કરનાર જિલ્લાના ૮ હજાર ખેડૂતોને રૂ.૧૦ કરોડની સહાય ચૂકવામાં આવી છે. જિલ્લાના કોટવાળીયા પરિવારો વિસડાલીયા ખાતે પરંપરાગત હુન્નરથી વાંસમાંથી હસ્તકલાના સાધનો બનાવી વર્ષે રૂ.૩૮ લાખનું વેચાણ કરતા થયા હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે માંગરોળ, માંડવી અને ઉમરપાડા તાલુકાના ખેડુતોને સિંચાઈના પાણી માટેની ઉકાઈ-ગોડધા સિંચાઈ યોજનાનું ૬૦% કામ પૂર્ણ થયું હોવાનું જણાવી આ સિંચાઈ યોજના આદિજાતિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી વસાવાએ ખેડૂતોને સૂર્યશક્તિ કિસાન-સ્કાય યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો વધુમાં વધુ લાભ લઈ આવકમાં વૃધ્ધિ કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો.

આ વેળાએ સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ૨ હેકટર જેટલી જમીન ધરાવતા ખેડૂતોને કિસાન સન્માન નિધિ યોજના હેઠળ રૂ.૬ હજાર સહાય આપવામાં આવશે એમ જણાવી વધુમાં વધુ ધરતીપુત્રોએ આ યોજનાનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેકવિધ કિસાન હિતકારી યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોની આવક બમણી કરવા તરફ આગળ વધી રહ્યા હોવાનું ઉમેર્યું હતું. તેમણે ખેતી ખર્ચ ઘટે અને ઉત્પાદન વધે તે માટે આધુનિક ટેકનોલોજી અપનાવીને ખેતી કરવાની હિમાયત તેમણે કરી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી કાયરતાપૂર્ણ કૃત્ય કરનારા આંતકીઓને વખોડી કાઢ્યા હતા.

વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. જનકભાઈ રાઠોડે ખેતીમાં વધુ આવક મેળવવા માટેની વિગતો આપતા કહ્યું કે, ઉત્પાદન વધારીને ખેતી ખર્ચ ઘટાડવો જરૂરી છે. તે માટે ખેતીમાં કીટનાશક ટેગ, પગો ટિકિટ, નોવેલ લીક્વીડ, ફર્ટિલાઈઝર તથા વેઝ ટી, કમ્પોઝર જેવા કૃષિ યુનિવર્સીટીએ સંશોધિત કરેલી દવાઓનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ખેતીવાડી વિભાગના એડિશનલ સેક્રેટરીશ્રી બી,કે.કુમાર, નગરપાલિકા પ્રમુખ આશિષ ઉપાધ્યાય, કારોબારી સમિતિના પ્રમુખ દિપકભાઈ વસાવા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કે.એચ.પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી એન.કે. ગાબાણી તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.









પુલવામામાં થયેલ શહીદોને શ્રધ્ધાંજલિ આપવા અલ્ફેસાની ગૃપ ઓફ સ્કૂલ્સ, ગોરાટ- રાંદેર રોડ, અડાજણ પાટિયા દ્વારા શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શિક્ષકો, બાળકો તેમજ મેનેજમેન્ટના સભ્યો દ્વારા ૨ મિનિટનું મૌન પાળી શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

નર્મદા જિલ્લા બાર એસોસિયેશને આપી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ



રાજપીપળા : નર્મદા જિલ્લા બાર એસોસિયેશનના હોદ્દેદારો અને સભ્યોએ શનિવારે સાંજે સાત વાગે રાજપીપળા કોર્ટ થી સફેદ ટાવર સુધી કેન્ડલ માર્ચ યોજી અને સફેદ ટાવરે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી . જમ્મુ કાશ્મીરના પુલવામાં જવાનો ઉપરના આતંકી હુમલામાં વીર જવાનો શહીદ થયા છે જેને પગલે સમગ્ર દેશમા જન આક્રોશ જોવા મળી રહ્યો છે.ત્યારે ઠેર ઠેર શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ રહી હોય નર્મદા જિલ્લા બાર એસોસિયેશને પણ શ્રદ્ધાંજલિ આપી હતી જેમાં ખુબ મોટી સંખ્યામાં વકીલો પોતાના વકીલ યુનિફોર્મમાં હાજર રહ્યા હતા અને હાજર તમામ વકીલોએ આ દુઃખદ ઘટનાને વખોડી શહીદોના પરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્તિ કરી મૌન પાડી વીર શહિદોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી.

શહીદ વીર જવાનોને સુરતની સલામ

સમૂહ લગ્નમાં ચાંદલાની રકમ શહીદ વીરોના પરિવારોને આપશે સૌરાષ્ટ્ર પટેલ સમાજ

સુરત

કાશ્મીરમાં પુલવામાં જિલ્લામાં થયેલા આત્મઘાતી હુમલામાં વીર ગતિ પામેલા ૪૨ વીરજવાનોને જય જવાન નાગરિક સમિતિ સુરત અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી ભાવાંજલી અર્પી છે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આગામી રવિવારે સમૂહ લગ્ન સમારોહનું આયોજન છે. સમૂહ લગ્ન સમારોહમાં લોકો તરફથી મળનાર ચાંદલા સ્વરૂપનું તમામ દાન વીર જવાનોના પરિવારોને આપવાનું નક્કી કરેલ છે. તા.૧૭-૨-૨૦૧૯ રવિવાર મોટા વરાછા, અબ્રામા રોડ ખાતે યોજાનાર સમૂહ લગ્નોત્સવમાં ૨૬૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે. સાંજે ૫ કલાકે લગ્નવિધિ શરૂ કરતા પહેલાં તમામ વરઘોડીયા સહિત જનમેદની વીર જવાનોને ભાવાંજલી આપશે અને ત્યારપછી લગ્નવિધિ શરૂ કરવામાં આવશે. વધુમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના પ્રમુખ કાનજીભાઈ આર. ભાલાળાએ જણાવ્યું છે કે સમૂહ લગ્ન નમાં માંડવે લોકો તરફથી સમાજને લગ્નમાં ચાંદલા સ્વરૂપે દાન મળતું હોય તે આ ૬૦માં સમૂહ લગ્ન સમારોહમાં લગ્નના દિવસે જે કંઈપણ દાન મળશે તે પુલવામાં હુમલામાં વીર ગતિ પામેલા વીર જવાનોના પરિવારોને આપવામાં આવશે. સુરતની જનતા એ હંમેશા ઉમદા રાષ્ટ્રીય ભાવનાથી કામ કર્યું છે. ત્યારે સુરત તરફથી વીર જવાનોને માટે પોતાનો ભાવ અને પરિવારો માટે લાગણી વ્યક્ત કરી નાગરિક તરીકેનું કર્તવ્ય નિભાવશે.

૧૯૯૯ કારગીલ યુદ્ધ સમયે શરૂ થયેલ જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી રાષ્ટ્રીય ચેતના માટે નોંધનીય કાર્ય થાય છે. છેલ્લા ૨૦ વર્ષથી વીર શહીદ જવાનોના પરિવારજનોને પુરા સન્માન સાથે આર્થિક સહાય આપવાનું કાર્ય થાય છે. સમગ્ર ભારતમાં સતત વર્ષોથી લોકોમાં રાષ્ટ્રીય ચેતના પ્રગટાવવાનું કાર્ય માત્ર સુરતથી થાય છે.

સુરતની આ સંસ્થા જય જવાન નાગરિક સમિતિ સુરત તરફથી પુલવામાં હુમલામાં શહીદ જવાનોને વંદન સાથે સલામ કરે છે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી સમૂહ લગ્નમાં મળનાર દાનની રકમ આ પુલવામાં આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોનાં શક્ય તેટલા પરિવારો સુધી પહોંચાડવામાં આવશે. સુરતની રાષ્ટ્રપ્રેમી જનતાને આ વીર જવાનોના પરિવારોને આર્થિક સહયોગ આપવા અનુરોધ છે. જય જવાન નાગરિક સમિતિ સુરતનો ચેક સ્વીકારવામાં આવે છે.

ગુડલક માર્કેટના સાડીના વેપારી સાથે ૪૨.૩૩ લાખની છેતરપિંડી

સુરત

રિંગરોડ ગુડલક ટેક્ષ્ટાઈલ માર્કેટના એક વેપારી પાસેથી ઉધારમાં સાડીઓની ખરીદી કરી પેમેન્ટ નહીં કરી ૪૨.૩૩ લાખનો ચુનો ચોપડી પાંચ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ ડીસીબી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાનના બિકનારે જિલ્લાના વતની અને હાલમાં પુણા કુંભારીયા અભિષેક રેસીડેન્સી ખાતે રહેતા મનોજકુમાર રાહીની એક કાપડની દુકાન રિંગરોડ ગુડલક ટેક્ષ્ટાઈલ માર્કેટમાં આવેલી છે. આરોપી દેવકિશન કેદારમલ પંચારીયા, શિવકુમાર ઉર્ફે બબલુ વાસુદેવ વૈષ્ણવ, અશ્વિન ઉર્ફે અરવિંદ વૈષ્ણવ, જયશ્રી સાડીના પ્રોપરાયટર વિકાસભાઈ, રઘુભાઈ, સાંઈ ટેક્સટાઈલના પ્રોપરાયટર મણીભાઈ વગેરેઓએ તેમની પાસેથી સાડીનો જથ્થો ઉધારમાં લઈને પાછળથી પેમેન્ટ નહીં કરી ૪૨.૩૩ લાખનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. કાપડ દલાલ તથા વેપારીઓ વિરૂદ્ધ ડીસીબીમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે આ ગુનામાં ફરિયાદીનું નિવેદન નોંધ્યું હતું.

વેપારીના બેંક એકાઉન્ટમાંથી રૂા. ૧.૯૫ લાખ આપમેળે ગાયબ

કોસાડના વેપારી સાથે છેતરપિંડી કરાઈ

સુરત

કલબ ફેક્ટરીના નામે લિંક મોકલી કોસાડના રાહુલ વાઘેલાના બેન્ક એકાઉન્ટની વિગતો મેળવી રૂપિયા ૧.૯૫ લાખ ગાયબ કરી દેવાયા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કોસાડ ગણેશપુરા એલઆઈજીમાં રહેતા રાહુલરાજુભાઈ વાઘેલાને અજાણ્યા વ્યકિતએ કલબ ફેક્ટરીના નામે ફોન કરી ફરિયાદીને લિંક મોકલી બેન્કને એકાઉન્ટની વિગતો મેળવી હતી. ત્યારબાદ ફરિયાદીની એચડીએફસી ફરિયાદીની એચડીએફસી બેન્ક એકાઉન્ટમાંથી રૂા. ૧,૯૫,૦૩૫ ગાયબ કરી દેવાયા હતા. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. આમ વેપારીને લિંક મોકલી બેન્કની વિગતો જાણી બેન્કમાંથી રૂા. ૧.૯૫ લાખની ઉઠાંતરી બનાવ બનવા પામ્યો છે. જે અંગેની ફરિયાદીએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભાભીની છેડતી કરી પરિવારે ઘરે જઈ દિયરને માર માર્યો

પુણા ગામમાં ઘરે હુમલો કરનાર ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

સુરત

પુણા ગામમાં ભાભીની છેડતી કરનાર પરિવાર સાથે આવી ઘર ઉપર હુમલો કરી દિયરને માર માર્યાનો બનાવ પુણા પોલીસ મથકે નોંધાયો હતો.

પૂણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા ગામ વિક્રમ નગર વિભાગ-૪માં રહેતા સાગર વિજય પાઘડી એ ફરિયાદીની ભાભીની છેડતી કર્યા બાદ પરિવારના સભ્યો વિજય પીઘડાળ, જોશનાબેન પીઘડાળ સાથે ફરિયાદીના ઘર ઉપર હુમલો કરી ફરિયાદીને માર માર્યાનો બનાવ બન્યો હતો. બનાવ અંગે પુણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. આમ ભાભીની છેડતી કરતા પરિવારે ઘરે જઈ દિયરને માર માર્યાની ફરિયાદ પૂણા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

ડૉ. અતુલ પાઠક અને રાષ્ટ્રીય કક્ષાનો સ્ટાર સાહિત્ય રત્ન એવોર્ડ એનાયત

૨૩ પુસ્તકો લખનાર ડૉ. પાઠકજીનું અનેરૂ સન્માન

સુરત

અત્રે સુરતના ગાંધી સ્મૃતિ ભવનમાં જાણીતા શો ઓર્ગેનાઈઝર અરવિંદભાઈ કોઠારી આયોજીત મિલનસિંહ નાઈટ પ્રસંગે સુરતના ડેપ્યુટી મેયર નીરવભાઈ શાહના શુભ હસ્તે મુંબઈમાં હાર્દિકભાઈ હુંડિયાના તંત્રી પદે પ્રકાશિત થતા જાણીતા મેગેઝીન સ્ટાર રીપોર્ટ તરફથી જુદા જુદા વિષયો ઉપર ૨૩ પુસ્તકો લખનાર વિદ્વાન સાહિત્યકાર, ઈતિહાસકાર તેમજ ભાષાંતરકાર, રાજ્ય બંધારણ, ગાંધીવાદ, સર્વોદયવાદ તેમજ માર્કસ્વાદના ઊંડા અભ્યાસી, પ્રાકૃતિક ચિકિત્સા, આહારશાસ્ત્ર તેમજ એક્યુપ્રેશરના જ્ઞાતા, સન્નિષ્ઠ હિન્દી તેમજ સંસ્કૃતક પ્રચારક અને જાણીતા પ્રગતિશીલ, સુધારાવાદી તેમજ રેશનાલિસ્ટ ચિંતક રોટેરિયન ડૉ. અતુલભાઈ પાઠકજીને રાષ્ટ્રીય કક્ષાનો સ્ટાર સાહિત્ય રત્ન એવોર્ડ અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા.

આ પૂર્વે પણ ડૉ. અતુલભાઈ પાઠકજીને વિવિધ સાહિત્ય સર્જન માટે તેમજ તેમની રચનાત્મક પ્રવૃત્તિઓ માટે અનેક સન્માનો એનાયત થયા હતા. એમ મુંબઈના સટાર રિપોર્ટના તંત્રી હાર્દિકભાઈ હુંડિયાએ જણાવ્યું હતું.

મહિધરપુરામાં પુરૂષ દ્વારા મહિલાની છેડતી

સુરત

મહિધરપુરા વિસ્તારમાં રહેતી એક પરિણીતાના એકલતાનો લાભ લઈ હાથ પકડી આબરૂ લૂંટવાનો પ્રયાસ કરી કમલેશ મોદી નામનો યુવક ફરાર થી ગયો હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાર્લેપોઈન્ટ સરગમ શોપિંગ સેન્ટર ખાતે કમલેશ મોદી રહે છે. તેમણે મહિધરપુરા વિસ્તારમાં રહેતી એક પરિણીતાના ઘરે જઈને પતિની ગેરહાજરીમાં તારો પતિ ક્યાં છે ? તેમ જણાવી ઘરમાં ઘૂસીને પરિણીતાનો હાથ પકડી આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે તેણીના પતિને ફોન પર જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. છેડતીનો ભોગ બનેલી પરિણીતાએ મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ સાથે પોલીસે આરોપીની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

તા.૨૫'મી નવસારી જિલ્લા કારોબારી બેઠક

સુરત જિલ્લા પંચાયત નવસારીની કારોબારી સમિતિની બેઠક તા.૨૫/૦૨/૨૦૧૯ ના સોમવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે જિલ્લા પંચાયત નવસારીની સમિતિખંડમાં રાખવામાં આવી છે. જેમાં સબંધિત તમામને સમયસાર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

પ્રોડક્ટીવીટી કાઉન્સિલ દ્વારા શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલી

સુરત

તા. ૧૫.૦૨.૨૦૧૯ ના રોજ ૬૧મા નેશનલ પ્રોડક્ટીવીટી વીક ના ચોથા દિવસે સાઉથ ગુજરાત પ્રોડક્ટીવીટી કાઉન્સીલ દ્વારા વરાછા રોડ પર આવેલી શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી ઈંસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી ખાતે કોલેજના ઈલેક્ટ્રીકલ એન્જિનિરીંગ વિભાગ (SSASIT) ના સંયુક્ત ઉપક્રમે ઈ-વેહિકલ-ટેસ્લા અને મહિન્દ્રા વિષય ઉપર એક સેમીનાર નું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે JBG ના હેડ કોર્પોરેટ મેનેજર શ્રી વિજય દેસાઈ, અર્બન કોમ્યુનિટી ડીપાર્ટમેન્ટ ના પ્રોજેકટ મેનેજર શ્રી આર. સી. પટેલ, શ્રી જયેશભાઈ દવે, મહિન્દ્રા ના પ્રશિક્ષક અસ્મિ પટેલ, SSASIT કોલેજ પ્રિન્સિપાલ શ્રી કે.એન. મિસ્ત્રી, શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા ના ટ્રષ્ટિ શ્રી ડૉ. બંકીમ ઠાકર, શ્રી કે. ડી. વાઘાણી તથા શ્રી હેમંત ટોપીવાળા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ ની શરૂઆત માં પુલવામાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૪૨ શહીદ વીર જવાનો ને બે મિનિટ નું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

કાર્યક્રમ માં ૨૫૦ થી વધુ એન્જિનિરીંગ ના વિધાર્થીઓને ટકી રહેવા માટે અર્થતંત્ર ના પરિભ્રમણ (Circular Economy fro sustainability) ના સંદર્ભમાં ઈ-વેહિકલ શું મહત્વ ધરાવે છે તે અંગે SGPC ના કંસલટન્ટ શ્રી જયેશભાઈ દવે તથા મહિન્દ્રા ના પ્રશિક્ષક અસ્મિ પટેલ દ્વારા સમજ આપવામાં આવી હતી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
● જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
● એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ (Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ (Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ (જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

કેવડીયા ખાતે આયોજિત બે દિવસીય ચૂંટણી કમિશનરોની કોન્ફરન્સ સંપન્ન

ગુજરાતનાં આંગણે પધારેલા મહાનુભાવોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી – વેલી ઓફ ફ્લાવર્સ - નર્મદા ડેમ સહિત વિવિધ પ્રકલ્પોની લીધેલી મુલાકાત



રાજપીપળા : વિશ્વની નવિનત્તમ અજાયબી એવા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત બે દિવસીય ૨૮ મી અખિલ ભારતીય ચૂંટણી કમિશનરોની કોન્ફરન્સ આજે કેવડીયા સ્થિત ટેન્ટ સિટી ખાતે સંપન્ન થઈ હતી.

લોકશાહીના સુદ્રઢીકરણ અને મતદાર જાગૃત્તિ માટે સતત બે દિવસ માટેના સંયુક્ત મનોમંથન બાદ તેના સુફળ આગામી દિવસોમાં ચૂંટણી પ્રશાસનને જોવા મળશે તેવો મત વ્યક્ત કરતા, ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગનાં વડા ડૉ.વરેશ સિંહાએ દેશના ૨૨ રાજ્યોમાંથી અત્રે પધારેલા ચૂંટણી કમિશનરોનાં અમૂલ્ય સૂચનો આગામી કામગીરીમાં ઉપયોગી સાબિત થશે તેમ જણાવ્યું હતું. ગુજરાતનાં યજમાનપદે આયોજિત આ કોન્ફરન્સના સમાપન પ્રસંગે ફ્રૂઝ દિલ્હી અનેૅ ચંદીગઢના સ્ટેટ ઈલેક્શન કમિશનર એસ.કે. શ્રીવાસ્તવે વિવિધ રાજ્યોનાં ચૂંટણી કમિશનરોની કોન્ફરન્સ ચૂંટણી પ્રક્રિયા માટે માર્ગદર્શક બની રહેશે, તેમ જણાવ્યું હતું. બે દિવસીય કોન્ફરન્સના સમાપન પ્રસંગે ગુજરાત રાજ્યના ચૂંટણી કમિશનર ડૉ.વરેશ સિંહાએ સૌનો આભાર વ્યક્ત કરી પુનઃ ગુજરાતની મુલાકાતે પધારવાનો અનુરોધ કર્યો હતો.વિદાય વેળાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ અર્પણ કરીને ડૉ. સિંહાએ ગુજરાતની આ મુલાકાત અહીં પધારેલા મહાનુભાવો માટે યાદગાર સંભારણું બની રહેશે તેમ પણ જણાવ્યું હતું.ગુજરાતનાં આંગણે પધારેલા આ ઉચ્ચાધિકારીઓએ આજે સવારે વિરાટ સરદારની વિરાટ પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વોલ ઓફ યુનિટીની જાત મુલાકાત લીધી હતી. આ વેળા સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના અધિક કલેક્ટર સંજય જોશી દ્વારા સ્ટેચ્યુ નિર્માણની તકનીકી બાબતોથી મહાનુભાવોને માહિતગાર કરાયા હતાં. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરમિયાન વ્યુઇંગ ગેલેરી ખાતેથી માતા નર્મદા અને વિંધ્યાચલ – સાતપુડાની ગિરીમાળાઓના દર્શન સાથે પ્રાકૃતિક સૌંદર્યનો રમણીય નજારો માણ્યો હતો. મ્યુઝિયમમાં સરદાર સાહેબના જીવન કવનને લગતી પ્રદર્શની-લાયબ્રેરી તથા પીક્ચર ગેલેરીમાં સરદાર સાહેબનાં જીવનને આલેખતી દસ્તાવેજી ફિલ્મ પણ નિહાળી હતી.સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે આ મહાનુભાવોએ માં નર્મદાનાં તટે આકાર લઈ રહેલી વેલી ઓફ ફ્લાવર્સની પણ મુલાકાત લીધી હતી. જ્યાં નાયબ વન સંરક્ષક પ્રતિક પંડ્યાએ આ પ્રકલ્પથી સૌને માહિતગાર કર્યા હતાં.ફ્લાવર ઓફ વેલી બાદ ઉચ્ચ ધિકારીઓનો કાફલો સરદાર સરોવર ડેમ તથા ભૂગર્ભ જળ વિદ્યુત મથકની મુલાકાતે પહોંચ્યો હતો. અહી નિગમનાં અધિક્ષક ઈજનેર આર.જી. કાનુનગોએ ડેમ સાઈટની વિસ્તૃત જાણકારી પુરી પાડી હતી.સમાપનના આગલા દિવસે સાંજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત પ્રોજેક્શન મેપીંગ - લેસર શો / લાઈટ એન્ડ સાઉન્ડ શોનો પણ આ મહાનુભાવોએ લાભ લીધો હતો. દેશભરનાં વિવિધ રાજ્યોમાંથી પધારેલા ચૂંટણી કમિશનરોની આ કોન્ફરન્સ તથા મુલાકાત વેળા નર્મદા જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, જિલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા, કેવડીયાના નાયબ પોલીસ અધિક્ષક અચલ ત્યાગી સહિતનાં સંબંધિત વિભાગનાં અધિકારીઓ વગેરેએ સતત ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી.

લો બોલો ભગવાનના મંદિરના પાર્કિંગ માંથી પણ હવે બાઈકોની ચોરી



રાજપીપળા : નર્મદા જિલ્લો પ્રવાસન ક્ષેત્ર માં આગળ વધી રહ્યો છે ત્યારે પ્રવાસીઓ અને તેમના વાહનોની સલામતી પણ ખાસ જરૂરી થઈ પડી છે કેમકે આ કારમી મોંઘવારીમાં ચોરી લૂંટ જેવી ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે જેમાં હવે મંદિરોમાં પાર્ક કરેલા વાહનોની પણ ચોરી ની ઘટના જોવા મળે છે ગત તારીખ ૧૭ જાન્યુઆરીના રોજ પોઈચા સ્તિથ જાણીતા સ્વામિનારાયણ મંદિર ખાતે મંદિર પરિસરમાં લોક કરી મુકેલી ફઝલ હનીફભાઈ મેમણ, વવીયાલા તા.ગરુડેશ્વર ની બાઈક નંબર જીજે ૨૨.ડી-૮૧૧૮ જેની કિંમત ૨૦,૦૦૦/- રૂપિયા ને કોઈ અજાણ્યા ચોરે પાક'ગ માંથી ચોરી કરી લઈ જતા આ બાબતે રાજપીપળા પોલીસમાં ફરિયાદ થવા પામી છે .

પશ્ચિમ કચ્છ નવા એસપી તરીકે સૌરભ તોલંબિયાની નિમણૂક, નવા ડીવાયએસપીની નિમણૂક



ગુજરાત રાજ્યના ૧૮ આઈપીએસ અધિકારીઓની તથા ૩૨ ડી.વાય.એસ.પી. ની બદલી કરવામાં આવી છે ત્યારે પશ્ચિમ કચ્છ એસપી એમ.એસ.ભરાડાની એડિશનલ કમિશનર ઓફ પોલીસ,સેક્ટર ૨ અમદાવાદ ખાતે નિમણૂક આવી છે.તો પશ્ચિમ કચ્છના નવા એસપી તરીકે સૌરભ તોલંબિયાની નિમણૂક કરવામાં આવી છે. પશ્ચિમ કચ્છના ડી.વાય.એસ.પી. તરીકે બી.એમ. દેસાઈની નિમણૂક કરવામાં આવી છે.

રાજભાષા હિન્દીનો વ્યાપ વધારવા નહેરુ યુવા કેન્દ્રની રાજપીપળામાં કાર્યશાળા યોજાઈ



રાજપીપળા:રાજભાષા હિન્દીનો વધુમાં વધુ વ્યાપ વધે તે હેતુથી નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલયના નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગર દ્વારા ૧૫ અને ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૯ એમ બે દિવસીય રાજભાષા હિન્દી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપીપળાના રાજવી મહારાજા રઘુવીરસિંહજીના અધ્યક્ષ સ્થાને આ કાર્યશાળા યોજાઈ હતી.નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર સંઘઠનના સ્ટેટ ડાયરેક્ટર ડો.અનિલ કૌશિક અને રાજવી રઘુવીરસિંહજી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં નહેરુ યુવા કેન્દ્ર ગુજરાતના દિવ દમણ,સિલવાસથી યુથ કો-ઓર્ડિનેટરો અને એકાઉન્ટ ઓફિસરો,નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર સ્ટેટ ડાયરેકટર અનિલ કૌશિક,નહેરુ યુવા કેન્દ્રના પ્રતિનિધિ અને ઉપાધ્યક્ષ નિલ રાવ સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાતના તમામ ૨૮ જિલ્લાના નહેરુ યુવા કેન્દ્રના અધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.જેમને રોજિંદા કામમાં હિન્દી ભાષાનો વધુ અને સારી રીતે ઉપયોગ કરી શકાય તે માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શ અપાયું હતું.જેમાં મુખ્ય વાત એ હતી કે તમામ પત્રવ્યવહાર હિન્દીમાં કરવામાં આવે અને તમામ કાર્યક્રમના બેનર અન્ય ભાષામાં ભલે હોય પણ બે ભાષાનો ઉપયોગ કરવામાં આવે.જેમાં પ્રથમ રાષ્ટ્ર ભાષા હિન્દી લખવામાં આવે અને ત્યાર બાદ અન્ય ભાષા લખી બેનર બનાવવાનો આગ્રહ રાખવામાં આવે.કાર્યક્રમનો ઉદેશ્ય સમજાવતા નર્મદા જિલ્લા યુથ કોર્ડીનેટર વિકૃલ તાયડેએ જણાવ્યું કે બોલચાલ અને પત્ર વ્યવહારમાં હિન્દીનો વધુ ઉપયોગ થાય તે માટે ગુજરાતના તમામ જિલ્લાના નહેરુ યુવા કેન્દ્રના કાર્યકર્તાઓને આ કાર્યશાળા દ્વારા પ્રશિક્ષિત કરાયા છે.જયારે નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર સંઘઠનના સ્ટેટ ડાયરેક્ટર ડો.અનિલ કૌશિકે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ કાર્યક્રમ થકી હિન્દી ભાષાનો વધુ ઉપયોગ થશે.











